દાખલ તારીખ :	૧૧/૦૧/૨૦૧૦
રજી. તારીખ :	૧૧/૦૧/૨૦૧૦
ફેંસલ તારીખ :	૧૮/૦૪/૨૦૨૬
સમયગાળો	વર્ષ માસ દિવસ
	૧૬–૦૩–૦૭

<u>અમદાવાદ ગ્રામ્યના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. નવરંગપુરા, અમદાવાદ.</u>

<u>સ્પે. દીવાની મુકદમા નંબર : ૨૨/૨૦૧૦.</u>

<u>આંક :</u>

વાદીઓ : – **(૧)** સોલંકી મણીલાલ આત્મારામ
રહે. ઠાકોર વાસ, મુ. ઈસ્ટોલાબાદ,
તા. દસ્ક્રોઈ, જી.અમદાવાદ.

વિરુધ્ધ

પ્રતિવાદીઓ :– (૧) મર્હુમ મોતીબેન તે લાખા કલાની દીકરી તે
ઉકાજી વાધાજી ઠાકોરના પત્નીના વારસો.
(૧/૧) મેલાજી ઉકાજી ઠાકોર
(૧/૨) રાવજીભાઈ ઉકાજી ઠાકોર
(૧/૩) સંતોકબેન ઉકાજી ઠાકોર
તમામ રહે. મુ. રોપડા, તા. દસ્ક્રોઈ,
જી.અમદાવાદ.
(૨) જીવીબેન નાથાભાઈ ઠાકોર **(ડીલીટ)**
રહે. ઈસ્ટોલાબાદ, તા. દસ્ક્રોઈ, જી.અમદાવાદ.
(૩) હરજીભાઈ સાંકાભાઈ ભરવાડ
રહે. ભરવાડવાસ, મુ. પાણસોલી,
તા.જી. ખેડા.

(૪) પુનાભાઈ મખાભાઈ ભરવાડ
રહે. ભરવાડવાસ, મુ. પાણસોલી,
તા.જી.ખેડા.

બાબત :- **દાવો રૂા. ૧૦,૦૦,૦૦૦/- ના આંકથી દસ્તાવેજ કેન્સલેશન કરવા તથા રૂા. ૩૦,૦૦૦/- ના આંકથી બાનાખતના કરારના વિશિષ્ટ પાલન, અને રૂા. ૩૦૦/- ના આંકથી ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અંગે.**

....

વાદી તરફે વિ.વ.શ્રી	**:**	**એસ.આર.પંડયા**
પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ તરફે વિ.વ.શ્રી	**:**	**-**
પ્રતિવાદી ન. ૩ અને ૪ તરફે વિ.વ.શ્રી	**:**	**કે.જી.પટેલ**

....

-:: ઠરાવ ::-

વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે,

(૧) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકે દશક્રોઈના મોજે ગામ ઈસ્ટોલાબાદની સીમના બ્લોક નંબર-૫૬ (સ.નં-૫૭/૨)ની, ક્ષેત્રફળ-હે.આરે. ચો.મી-૦-૦૫-૦૬ યાને કે ૫૦૬ ચો.મી, આકાર-રૂા.૦-૪૪ પૈસા, ખાતાનં-૪૮ અને બ્લોક નંબર-૫૭ (સ.નં-૫૪-અ/૧-૫૪-અ/૨-૫૭/૧અ-૫૬-૧બ)ની, ક્ષેત્રફળ-હે.આરે.ચો.મી-૧-૫૪-૮૦ યાને કે ૧૫૪૮૦ ચો.મીના માપવાળી, આકાર રૂા.૧૨-૧૯ પૈસા તથા ખાતાનં-૧૫ વાળી જમીન આ કામના પ્રતિવાદી નં-૧ બાઈ મોતી તે લાખા કલાની દીકરીની કુલ સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા, ખેડહકકે આવેલ હતી. સદરહું જમીનો આ કામના પ્રતિવાદીનં-૧ બાઈ મોતી તે લાખા કલાની દીકરીએ, વાદીને તા. ૩૧-૬-૧૯૮૮ના રોજ વેચાણ આપવાનું નકકી કરીને વેચાણ અવેજની રકમો સ્વીકારીને કાયદેસરનો કરાર કરી વેચાણ આપીને કબજોભોગવટો સોંપેલ છે. અમો વાદી સદરહું જમીન ખરીદ કરવાનો અગ્રીમ હક્ક, અધિકાર ધરાવીને દાવાવાળી જમીનનો કબજોભોગવટો ધારણ કરતા હતા અને કરીએ છીએ.વધુમાં સદરહું બ્લોકનં-૫૬ અને ૫૭ વાળી

જમીન, ખાતાનં–૪૮ અને ૧૫ વાળી જમીનો વાદીએ, આ કામના પ્રતિવાદીનં–૧ પાસેથી વેચાણ રાખેલ છે. આ કામના પ્રતિવાદીનં–૨, પ્રતિવાદી નં–૧ના વહીવટકર્તા હોઈ વાદીને તા.૩૧–૫–૧૯૮૭ના રોજ લખાણ કરી આપેલ છે. આ કામના પ્રતિવાદીનં–૧ની મજકુર ખાતાનં–૪૮ અને ૧૫ વાળી જમીન વડીલોપાર્જીત હોઈ તેમના વારસદારોએ પ્રતિવાદીનં–૧/૧ થી ૧/૩ નાએ સદર હું દાવાવાળી જમીનમાં વાદીના કરારજન્ય હકક, અધિકાર અને કબજા ભોગવટામાં હરકત, અંતરાય કરવા માટે આ કામના પ્રતિવાદીનં–૩ અને ૪ સાથે મેળાપીપણું કરીને કહેવાતો વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ. સદર દાવાવાળી જમીન સૌ પ્રથમ આ કામના પ્રતિવાદી નં. ૧ના વડવા લાખા કમાના નામે ચાલતી હતી. મજકુર લાખા કમાના અવસાન બાદ આ કામના પ્રતિવાદીનં–૧ બાઈ મોતી તે લાખા કમાની દીકરી સગીર વયના હોઈ તેમનું નામ દાખલ કરવામાં આવેલ અને તેમના વાલી તરીકે જીવીબેન નાથાભાઈનું નામ દાખલ કરવામાં આવેલું આ અંગે રેવન્યું રેકર્ડમાં નોંધનં–૨૪૪થી દાખલ કરવામાં આવેલું. આ રીતે આ કામના પ્રતિવાદીનં–૧ અને ૨ ના નામો દાવાવાળી જમીનના કુલ સ્વતંત્ર માલીક, કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલા. સદરહું જમીનના સરકારી રેકર્ડમાં આ કામના પ્રતિવાદીનં–૧ અને ૨ નું નામ ખાતાનં–૪૮ અને ૧૫ વાળી જમીનમાં ચાલતું હતું. સદરહું દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદીનં–૧નાએ માલીકીપણામાં ધારણ કરેલી હતી. ત્યારબાદ પ્રતિવાદીનં–૨ સદર જમીન માલીક એવા બાઈ મોતીના વાલી તરીકે વહીવટ વ્યવસ્થા કરતા હતા અને તેઓએ સદર જમીનમાં આંબાના ઝાડ રોપેલા હતા જે આંબાના ઝાડો વાદીએ તા. ૩૧–૩–૧૯૮૭ના રોજ પ્રતિવાદીનં–૨ પાસેથી રૂા.૩૫૦/–માં વેચાણ રાખેલા હતા અને તે બાબતે પ્રતિવાદીનં–૨નાએ ગામ અને સમાજના પંચના માણસોની રૂબરૂમાં કાયદેસરનું લખાણ કરી આપેલ છે. ત્યારબાદ આ કામના પ્રતિવાદીનં–૧ નાએ જમીનો વાદીને એક વિધાના રૂા.૫૭,૦૦૦/– ના ભાવે વેચાણ આપવાનું નકકી કરી, તા.૩૧–૩–૧૯૮૮ના રોજ રૂા.૫,૫૦૦/– રકમ વેચાણ કીંમતના અવેજ અને બાના પેટે સ્વીકારી, ગામના પાંચ માણસોના પંચ રૂબરૂ રૂા.૧૦ ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી

આપેલ. ત્યારબાદ મજકુર જમીનની વેચાણ કીંમતના બાકી અવેજની રકમો રૂા.૨૦,૦૦૦/–તા.૯–પ–૧૯૮૮ના રોજ સ્વીકારીને તા.૩૧–૬–૧૯૮૮ના રોજ ચંદુજી સોમાજીની રૂબરૂમાં વેચાણ ખત લખી આપેલું. આ મુજબની હકીકતોએ આ કામના પ્રતિવાદીનં–૧નાએ સદરહું જમીનો અમો વાદીને વેચાણ આપીને કબજો ભોગવટો સોંપેલો છે અને અમો વાદી મજકુર જમીનોમાં સને–૧૯૮૮ની સાલ થી કબજોભોગવટો ધરાવે છે અને ખેતી કરે છે અને જમીન મહેસુલ ભરે છે. અને દાવાવાળી જમીન બ્લોકનં–પ૭ માં વાદીનું નામ પેટા ગણોતિયાના કોલમમાં પણ દાખલ કરવામાં આવેલ છે.

વધુમાં સદરહું દાવાવાળી જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ થયેલ ન હોવાના કારણે આ કામના પ્રતિવાદીનં–૧નું નામ રેવન્યું રેકર્ડમાં ચાલુ રહેવા પામેલ અને આ કામના પ્રતિવાદીનં–૧ના અવસાન બાદ આ કામના પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩નાઓએ મજકુર દાવાવાળી જમીનમાં વાદીના કાયદેસરના હકક, અધિકારોને નુકશાન કરવા માટે દાવાવાળી જમીનમાં ખોટી અને બનાવટી હકીકતો જણાવી, મર્હુમ બાઈ મોતીના વારસદારો તરીકે તેમના નામો વારસાઈ હકકે દાખલ કરાવેલા છે. તેમજ વાદીને દાવાવાળી જમીનના કબજેદાર તરીકે કોઈ નોટીસની બજવણી કરવામાં આવેલી નથી.

વધુમાં દાવાવાળી જમીનમાં વાદીના મકાનો, ઢોર બાંધવાના શેડ, અને જીવનનિર્વાહની ચીજવસ્તુઓ તેમજ ખેતી વાડીને લગતાં સાધનો આવેલા છે અને વાદી સદરહું દાવાવાળી જમીનમાં વસવાટ કરતા હોઈ, પંચાયતનો વેરો, લાઇટબીલ ભરે છે. તેમ છતાં આ કામના પ્રતિવાદીનં–૧/૧ થી ૧/૩નાએ દાવાવાળી જમીનમાં તેઓનો કબજોભોગવટો આવેલ ન હોવા છતાં આ કામના પ્રતિવાદીનં–૩ અને ૪ની તરફેણમાં કહેવાતો અને સત્તા અને અધિકાર વગરનો બનાવટી, શામ અને કબજાવગરનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુ.નંબર : ૬૩૩૩, તા.૨૩–૯–૨૦૦૯ના રોજ ઉભો કરેલ અને તેની ગામ દફતરે તા.૧૨–૧૦–૨૦૦૯ના રોજ નોંધનં–પ૩૨થી નોંધ કરાવેલ છે અને તેની વાદીને તા.૨૦–૧૨–૨૦૦૯ના રોજ જાણ થતાં વાદીએ તા.૨૧–૧૨–૨૦૦૯ના રોજ ઈસ્ટોલાબાદ પંચાયતની કચેરી, મામલતદારશ્રી, દશક્રોઈ સાહેબને રજી

પોસ્ટ એ.ડી થી વાંધાઅરજી આપેલ.

વધુમાં ધી ટ્રાન્સફર ઓફ પ્રોર્પટી એકટની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે તો જમીનના કબજાની સોંપણી કરવામાં આવેલ નથી. જેથી કહેવાતો વેચાણ દસ્તાવેજ વોઈડ એબ ઈનીશ્યો છે. મજકુર કહેવાતો વેચાણ દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદીનં–૩ અને ૪ને સદરહું દાવાવાળી જમીનમાં કોઈપણ રીતે કે પ્રકારે માલીકી કે કબજાભોગવટાનો હકક, અધિકાર મળી શકે નહી.

આ કામના પ્રતિવાદીનં–૧ના વારસોને કહેવાતા વેચાણ દસ્તાવેજ અંગે પુછપરછ કરતાં ''તેઓએ દાવાવાળી જમીન વેચી મારેલ છે તમારા થી થાય તેમ કરી લો અને વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખનાર ઈસમો ભરવાડ હોઈ, તેઓ તમારી પાસેથી તમોને મારીને કબજો લઈ લેશે તેવી ધમકીઓ આપેલ છે.'' આ કામના પ્રતિવાદીઓ માથાભારે અને પૈસાપાત્ર તથા રાજકીય વગ ધરાવતા હોઈ પોલીસ ખાતામાં ભારે વગ ધરાવે છે. જેથી વાદીએ હાલનો દાવો દાખલ કરી, દાદ માંગેલ છે કે,

(એ) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકે દશક્રોઈના મોજે ગામ ઈસ્ટોલાબાદની સીમના બ્લોક નંબર–૫૬ (સ.નં–૫૭/૨)ની, ક્ષેત્રફળ–હે.આરે. ચો.મી–૦–૦૫–૦૬ યાને કે ૫૦૬ ચો.મી, આકાર–રૂા.૦–૪૪ પૈસા, ખાતાનં–૪૮ અને બ્લોક નંબર–૫૭ (સ.નં–૫૪–અ/૧–૫૪–અ/૨–૫૭/૧અ–૫૬–૧બ)ની, ક્ષેત્રફળ–હે.આરે.ચો.મી–૧–૫૪–૮૦ યાને કે ૧૫૪૮૦ ચો.મીના માપવાળી, આકાર રૂા.૧૨–૧૯ પૈસા તથા ખાતાનં–૧૫ વાળી જમીન અંગે આ કામ ના પ્રતિવાદી નં–૧ અને ૨નાએ વાદી પાસેથી વેચાણ કીંમતના અવેજની માતબર રકમો ચુકતે વસુલ મેળવીને ગામના આગેવાનો પંચોની રૂબરૂમાં કરી આપેલ કરાર, લેખનું વિશિષ્ઠ પાલન કરી, આ કામના પ્રતિવાદીનં–૧ વાદીને પાકો વેચાણ દસ્તાવેજ કરી આપે તેમજ વાદીના સદર વેચાણ દસ્તાવેજમાં આ કામના પ્રતિવાદીનં–૨ થી ૪ કન્ફરમીંગ પાર્ટી તરીકે સહી–મત્તું કરી આપે તેવું હુકમનામું વાદીની લાભમાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધ કરી આપવા અરજ કરેલ છે.

વિકલ્પે

આ કામના પ્રતિવાદીઓ કોર્ટના હુકમ મુજબ વાદીને વેચાણ દસ્તાવેજ કરી આપવામાં કસુર કરે તો, કોર્ટથી નીમાયેલ કોર્ટ કમીશ્નરશ્રી મારફતે વાદીને વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(બી) દાવાવાળી જમીન અંગે આ કામના પ્રતિવાદીનં–૧નાએ વેચાણ વ્યવહાર કરીને દાવાવાળી જમીનનો કબજો સોપેલો હોઈ, મજકુર જમીન અંગે પ્રતિવાદીનં–૧ના વારસોને ગ્રાહીત ઈસમોને વેચાણ, ગીરો, બક્ષીસ કરવાનો કે ટ્રાન્સફર એસાઈન કરવાનો કોઈપણ જાતનો હકક,અધિકાર પોસાતો નથી. દાવાવાળી જમીનના વાદી કબજેદાર અને ભોગવટેદાર હોઈ પ્રતિવાદીઓએ કોઈપણ વ્યવહારો કરેલ હોચ તો પણ તેવા વ્યવહારો વાદીને બંધન કર્તા નથી તેવું જાહેર કરવા અરજ કરેલ છે.

(સી) દાવાવાળી જમીનઅંગે આ કામ ના પ્રતિવાદીનં–૧નાએ આ કામના પ્રતિવાદીન–૩ અને ૪નાએ એકબીજાના મેળાપીપણામાં અનુ. નં–૬૩૩૩, તા.૨૩–૯–૨૦૦૯ ના રોજ નોંધાવેલ કહેવાતો વેચાણ દસ્તાવેજ ફ્રોર્જ, સત્તા વગરના અને વોઈડ એબ ઈનીસીયો,નલીટી અને કબજા તથા અવેજ વગરના હોઈ સદર કહેવાતો વેચાણ દસ્તાવેજના આધારે પ્રતિવાદીન–૩ અને ૪ને કોઈપણ જાતનો માલીકી, કબજાભોગવટાનો હકક,અધિકાર પોસાતો ન હોઈ મજકુર કહેવાતો વેચાણ દસ્તાવેજ વાદીને બંધનકર્તા નથી તેવું ઠરાવી પ્રતિવાદીઓના કહેવાતા વેચાણ દસ્તાવેજ રદબાતલ યાને કેન્સલ કરવા અરજ કરેલ છે.

(ડી) દાવાવાળી જમીન અંગે આ કામના પ્રતીવાદીઓ કે તેમના માણસો, નોકરો, એજન્ટો, એસાઈનીઓ, કુલમુખત્યારો, પ્રતીનીધીઓ, ઈત્યાદી તમામ દાવાવાળી જમીનમાં અમો વાદીના કરાર જન્ય પોસાતા કાનુની હકકોને નુકશાન કરે કરાવે નહી કે કોઈપણ વ્યક્તિને ટ્રાન્સફર, એસાઈન, ગીરો, બક્ષીસ કરે નહી કે કોઈ બોજો, કરજ ઉભું કરે નહી કે

દાવાવાળી જમીનના અમો વાદીના કબજા ભોગવટામાં હરકત, અંતરાય કરે–કરાવે નહી કે દાવાવાળી જમીનનો કબજો ગેરકાયદેસર મંડળી બનાવીને બળજબરીથી પડાવે નહી કે દાવાવાળી જમીનમાં તેમના કહેવાતા વેચાણ દસ્તાવેજના આધારે અન્ય ઈસમોને વેચાણ,ગીરો, બક્ષીસ કે કોઈપણ રીતે તબદીલી કરે–કરાવે નહી કે, વાદીના કાનુની હકકોને નુકશાન થાય તેવું કોઈપણ કૃત્ય કરે કરાવે નહીં તેવો કાયમી પ્રકારનો જાથુનો મનાઈ હુકમ વાદીની લાભમાં અને પ્રતિવાદીઓ વીરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(ઈ) આપ નામદાર કોર્ટને દાવાને અનુરૂપ બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(એફ) આ દાવાનું ખર્ચ પ્રતીવાદી પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીઓને દાવાના સમન્સ અને નોટીસો કાઢવામાં આવતા, આ કામના પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે. તેઓ તરફે આંક : ૨૭ થી દાવા જવાબ રજૂ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ નાઓ સદર દાવાના કામે હાજર રહેલ ના હોય, તેઓ સામે દાવો એક્ષપાર્ટી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી નંબર : ૨ સામે આ દાવો ડીલીટ કરવામાં આવેલ છે.

(૨.૧) આ કામના પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓએ વાદીની દાવા અરજી વિરુધ્ધ આંક : ૨૭ થી જવાબ રજૂ કરેલ છે. જેમાં તેઓએ વાદીની દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીની દાવા અરજી ખોટી અને ગેરકાયદેસરની છે. વાદીને આવા પ્રકારની દાવા અરજી કરવાનો કોઈ હકક કે અધિકાર નથી. વાદીએ પોતાની દાવા અરજીમાં મહત્વની સાચી હકીકતો છૂપાવી દાવો લાવેલ છે. વાદીના દાવાને અનેકવિધ કાયદાઓની જગવાઈઓનો બાધ નડે છે. વધુમાં તારીખ : ૩૧/૦૫/૧૯૮૭ ના રોજ થયેલ કહેવાતા કરારમાં દાવાવાળી જમીન વેચાણ આપવાનુ નકકી થયેલાનો

કોઈ ઉલ્લેખ નથી. વાદીએ પોતે દાવા અરજીમાં જણાવેલ છે કે, દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર : ૧ ની વડીલોપાર્જીત છે. આમ વાદીની રજૂઆત મુજબ તા. ૩૧/૦૫/૧૯૮૭ ના રોજની પરિસ્થિતિ અનુસાર દાવાવાળી જમીનમાં મોતીબેનની હયાતીમાં મોતીબેન અને તેમના બે દિકરા અને એક દિકરી – તે રીતે ચારેયનો દરેકનો વગર વહેંચાયેલો ૧/૪ હિસ્સો હતો એટલે કે, પ્રતિવાદી નં. ૧(૧) થી ૧(૩) નો સંબંધિત સમયે દાવાવાળી મિલકતમાં વગર વહેંચાયેલો ૩/૪ હિસ્સો હતો. જેથી મોતીબેનને સમગ્ર જમીન વેચાણ આપવા અધિકાર નહીં હોવાનું સ્વયં સ્પષ્ટ છે. તેમજ તા. ૩૧/૦૩/૧૯૮૮ ના દિવસે અગર તે અગાઉ મોતીબેન પુખ્ત વયના થયેલા હતા અને તેમની સાથે વ્યવહાર કરેલો. તા. ૩૧/૦૩/૧૯૮૮ ના રોજ કોઈ રજિસ્ટર્ડ બાનાખત થયેલાનો વાદીનો કેસ નથી, દાવાવાળી જમીન વાદીને મોતીબેને એકલાએ પણ વેચાણ આપવા કબૂલ કર્યું હોય તેવું દર્શાવતો કોઈ વિશ્વાસનીય પૂરાવો વાદીએ રજૂ કરેલ નથી. તા. ૩૧/૦૩/૧૯૮૮ ના રોજ અગર તે પછી કોઈપણ પ્રકારના લખાણ મોતીબેને કરી આપ્યા હોય અગર અવેજ લીધો હોય તેવું દર્શાવતો કોઈ પૂરાવો વાદીએ રજૂ કરેલ નથી.

વધુમાં વાદીએ પોતે કરેલ રજૂઆત મુજબ જો વેચાણ અવેજની પૂરેપૂરી રકમ ચૂકવી આપી હોય અને સને ૧૯૮૮ અગાઉ વાદીએ તેમ કર્યું હોય તો ત્યારથી આશરે ૨૨ વર્ષ જેટલા સમય સુધી એટલે કે, સને ૨૦૧૦ માં દાવો કર્યો ત્યાં સુધી વાદીએ વેચાણ દસ્તાવેજ કરાવવા કોઈ પ્રયાસ કેમ ન કર્યો ? તે બાબતે વાદી કોઈ ખુલાસો કરી શકે તેમ નથી. ખાસ કરીને કહેવાતો કરાર કરી આપનાર બાઈ મોતીનું સને ૧૯૯૬ માં અવસાન થયું અને પ્રતિવાદી નં. ૧(૧) થી ૧(૩) ના નામે મહેસૂલી દફતરે તા. ૧૮/૧૧/૧૯૯૬ ના રોજ નોંધ નં. ૪૧૨ થી નામ દાખલ થયું તે પછી આશરે ૧૪ વર્ષ જેટલા સમય સુધી પણ વાદીએ સદર વ્યક્તિઓ પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવવા કોઈ કાર્યવાહી નહીં કરેલાનું લક્ષમાં લેતાં, વાદીની રજૂઆત ખોટી હોવાનું સ્પષ્ટ છે. વધુમાં સને ૨૦૦૯ માં પ્રતિવાદી નં. ૧(૧) થી ૧(૩) પાસેથી દાવાવાળી જમીન રૂા. ૧૦,૦૦,૦૦૦/– ના અવેજથી વેચાણ રાખવાનું નક્કી કર્યું. ત્યારે મહેસૂલી દફતરે ત્યારથી અગાઉના ૧૨ વર્ષના સમય

દરમ્યાનના ગામ નમૂના નં. ૭/૧૨, ગામ નમૂના નં. ૬ અને સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલા દસ્તાવેજો ચકાસી સ્થળ પર પ્રતિવાદી નં. ૧(૧) થી ૧(૩) ના જ માલિક કબજા ભોગવટો હોવાનું ચકાસી વેચાણ દસ્તાવેજ કરાવેલ. વાદીનો મહેસૂલી દફતરે ક્યારેય નામ નહીં હોવાથી અને જમીન માલિકોએ વાદી સાથે કોઈ વ્યવહાર નહીં કરેલો હોવાથી અમોએ સંબંધિત સમયની પ્રવર્તમાન બજાર કિંમત ચૂકવી સ્થળ પર માલિક કબજા ભોગવટો સંભાળી લીધેલ છે. ત્યારથી જ આજ દિન સુધી દાવાવાળી મિલકતમાં તેમનો જ માલિક કબજા ભોગવટો ચાલ્યો આવે છે. જેથી વાદીની દાવા અરજીમાં જણાવ્યા મુજબનુ કોઇ કારણ જ ઉત્પન્ન થયેલ ના હોય, માંગ્યા મુજબની કોઇ દાદ મળવાપાત્ર ના હોય, વાદીની દાવા અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તથા પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

અ : વાદી તરફે રજૂ થયેલ મૌખિક પુરાવા નીચે મુજબ છે.

ક્રમ	**વિગત**	**આંક**
૧.	વાદી સોલંકી મણીલાલ આત્મારામનુ સરતપાસ સોગંદનામુ	૨૯
૨.	સાહેદ ઠાકોર બાબુજી ગરબડજીનુ સરતપાસ સોગંદનામુ	૮૭
૩.	સાહેદ ઠાકોર નવધણભાઇ ભાવાભાઇનુ સરતપાસ સોગંદનામુ	૮૮
૪.	સાહેદ ઠાકોર વિષ્ણુભાઇ રમણભાઇનુ સરતપાસ સોગંદનામુ	૮૯
૫.	પંચનામુ કરનાર સાહેદ વિજયભાઇ મનુભાઇ વ્યાસની જુબાની	૯૫

બ : વાદી તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

ક્રમ	**વિગત**	**આંક**
૧.	ગામ નમૂના નંબર : ૭/૧૨ ના ઉતારાની નકલ	૩૮
૨.	ગામ નમૂના નંબર : ૭/૧૨ ના ઉતારાની નકલ	૩૯
૩.	ગામ નમૂના નંબર : ૭/૧૨ ના ઉતારાની નકલ	૪૦

૪.	ગામ નમૂના નંબર : ૭/૧૨ ના ઉતારાની નકલ	૪૧
૫.	પ્રતિવાદીએ કરી આપેલ કરારની અસલ	ટે.૪૨
૬.	વાદીને પ્રતિવાદીએ કરી આપેલ કરારની અસલ	ટે.૪૩
૭.	પ્રતિવાદીએ કરી આપેલ કરારની અસલ	ટે.૪૪
૮.	ગામ નમૂના નંબર : ૬ ના નોંધ નંબર : ૪૧૨ ની અસલ	૪૫
૯.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૪૬
૧૦.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૪૭
૧૧.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૪૮
૧૨.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૪૯
૧૩.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૫૦
૧૪.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૫૧
૧૫.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૫૨
૧૬.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૫૩
૧૭.	વાદીએ ભરેલ વેરા પહોંચની નકલ	૫૪
૧૮.	પંચાયત વેરાની અસલ નકલ	૫૫
૧૯.	પંચાયત વેરાની અસલ નકલ	૫૬
૨૦.	પંચાયત વેરાની અસલ નકલ	૫૭
૨૧.	પંચાયત વેરાની અસલ નકલ	૫૮
૨૨.	વાદીના મકાનના લાઇટબીલની નકલ	૫૯
૨૩.	વાદીના મકાનના લાઇટબીલની નકલ	૬૦
૨૪.	વાદીએ તલાટી કમ મંત્રીને મોકલેલ વાંધા અરજીની રજી. એડી. સ્લીપ	૬૧
૨૫.	વાદીએ મામલતદારને મોકલેલ વાધા અરજીની રજી. એડી. સ્લીપ	૬૨
૨૬.	પ્રતિવાદીઓના દસ્તાવેજની અસલ નકલ	૬૩
૨૭.	મામલતદારના હુકમની અસલ	૬૪
૨૮.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૬૫
૨૯.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૬૬
૩૦.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૬૭
૩૧.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૬૮

૩૨.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૬૯
૩૩.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૭૦
૩૪.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૭૧
૩૫.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૭૨
૩૬.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૭૩
૩૭.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૭૪
૩૮.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૭૫
૩૯.	દાવાવાળી જમીનમાં આવેલ મકાનના આકારણી પત્રક	૭૬
૪૦.	દાવાવાળી જમીનની ગામ નમૂના નંબર : ૭ નો ઉતારો	૭૭
૪૧.	દાવાવાળી જમીનની ગામ નમૂના નંબર : ૧૨ નો ઉતારો	૭૮
૪૨.	દાવાવાળી જમીનની ગામ નમૂના નંબર : ૮–અ.	૭૯
૪૩.	દાવાવાળી જમીનની ગામ નમૂના નંબર : ૬ નુ હકકપત્રક	૮૦
૪૪.	કોર્ટ કમીશ્નરે પક્ષકારોને આપેલ નોટીસની નકલ	૯૬
૪૫.	દાવાવાળી જગ્યાનુ પંચનામુ	૯૭
૪૬.	દાવાવાળી જગ્યાનો નકશો	૯૮

આ કામના વાદી તરફે આંક : ૧૫૧ થી પુરાવા બંધની પુરસીસ આપવામાં આવેલ છે.

ક : પ્રતિવાદી તરફે રજૂ થયેલ મૌખિક પુરાવા નીચે મુજબ છે.

ક્રમ	વિગત	આંક
૧.	પ્રતિવાદી પુનાભાઇ મખાભાઇ ભરવાડનુ સરતપાસ સોગંદનામુ	૧૦૬

ડ : પ્રતિવાદી તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

ક્રમ	વિગત	આંક
૧.	રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૬૩૩૩ અસલ	૧૧૦
૨.	ગામ નમૂના નંબર : ૭ ના ઉતારાની નકલ	૧૧૧
૩.	ગામ નમૂના નંબર : ૭ ના ઉતારાની નકલ	૧૧૨

૪.	ગામ નમૂના નંબર : ૭ ના ઉતારાની નકલ	૧૧૩
૫.	ગામ નમૂના નંબર : ૭ ના ઉતારાની નકલ	૧૧૪

આ કામના વાદી તરફે આંક : ૧૧૫ થી પુરાવા બંધની પુરસીસ આપવામાં આવેલ છે.

(૪) દલીલો :– આ કામે વાદી તરફે વિ.વ.શ્રી એસ.આર. પંડયા તથા પ્રતિવાદી નંબર : ૩ અને ૪ તરફે વિ.વ.શ્રી. કે.જી.પટેલની લંબાણપૂર્વકની દલીલો સાંભળવામાં આવેલ છે અને જેની ચર્ચા જે તે મુદ્દા લગત કરવામાં આવેલ છે. તેથી દલીલોનુ પુનરાવર્તન ટાળવા દલીલો અત્રે નોંધેલ નથી. પરંતુ, જે તે મુદ્દા લગત દલીલો નોંધવામાં આવેલ છે. વધુમાં આ કામના વાદી તરફે તેમની દાવા અરજીના સમર્થનમાં આંક : ૧૨૫ થી લેખીત દલીલો રજૂ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે.

(૫) આ કામે દાવાના આખરી નિર્ણય માટે મારી અગાઉના વિ.ન્યાયાધીશશ્રીનાઓએ આંક : ૨૪ થી તારીખ : ૧૮/૦૬/૨૦૧૮ ના રોજ મુદ્દા ઘડવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી બંને જમીનોના ગુજરનાર પ્રતિવાદી નં. ૧, ૨ એ કરી આપેલ સને ૧૯૮૭–૮૮ ના લખાણો આધારે અધિકૃત કબજેદાર તેમજ માલિક બનેલ છે અને રજી. વેચાણ દસ્તાવેજ શા કારણે કરાવેલ નથી ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે ગુજરનાર નં. ૧ ના વારસોએ પ્રતિવાદી નં. ૩, ૪ ને દાવાવાળી જમીનોનો કબજો વગરનો ગેરકાયદેસર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?

(3) શું વાદી પુરવાર કરે છે કે ગુજરનાર પ્રતિવાદીના વારસો અને પ્રતિવાદી નં. ૩, ૪ વિરુદ્ધ કરારનું વિશિષ્ટ પાલન મેળવવા

હક્કદાર છે અને પ્રતિવાદી નં. ૩, ૪ નો વેચાણ દસ્તાવેજ રદ્દ થવા પાત્ર છે ?

(૪) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી જમીનોના શુદ્ધ બુદ્ધીના ખરીદનાર છે અને દાવાવાળી જમીનનો કબજો ભોગવટો વેચાણ દસ્તાવેજના આધારે સને ૨૦૦૯ થી ધારણ કરે છે ?

(૫) શું પ્રતિવાદી નં. ૩, ૪ પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી જમીનનો કબજો વાદી પાસેથી ગેરકાયદેસર પડાવી લેવા કોઇ પ્રશ્ન રહેતો નથી ?

(૬) શું વાદી માંગ્યા મુજબ દાદ મેળવવા હક્કદાર છે ?

(૭) શું હુકમ તથા હુકમનામું ?

(૬) નિર્ણયો :–

(૧)	મુદ્દા નં. ૧	:	''નકારમા''
(૨)	મુદ્દા નં. ૨	:	''નકારમા''
(૩)	મુદ્દા નં. ૩	:	''નકારમા''
(૪)	મુદ્દા નં. ૪	:	''નકારમાં''
(૫)	મુદ્દા નં. ૫	:	''નકારમાં''
(૬)	મુદા નં. ૬	:	''નકારમા''
(૬)	મુદ્દા નં. ૭	:	આખરી હુકમ મુજબ.

–:: કારણો ::–

વાદીપક્ષ તરફે મૌખિક પુરાવા :–

(૭) આ કામના વાદી વાદી સોલંકી મણીલાલ આત્મારામનાઓ દ્વારા

આંક : ૨૯ થી સરતપાસ સોગંદનામુ રજૂ કરેલ છે. જેમાં તેઓએ પોતાની દાવા અરજીની હકીકતે પુરાવો આપેલ છે.

જયારે પ્રતિવાદી નંબર : ૩ અને ૪ ના વિ.વ.શ્રી ધ્વારા સદરહુ વાદીની ઉલટ–તપાસ કરતા, ઈસ્ટોલાબાદમાં એક જ ઠાકોરવાસ છે. બ્લોક નં.પ૬ અને બ્લોક નં.પ૭ વાળી જમીન ઈસ્ટોલાબાદ ગામમાં જ છે. તેમને તે વાતની ખબર નથી કે, ઈસ્ટોલાબાદની સીમની તમામ જમીનોને સને : ૧૯૮૭ અગાઉ એકત્રીકરણ સ્કીમ લાગુ કરી, મુળ સર્વે નંબરને બદલે બ્લોક નંબર આપી દેવામાં આવેલા હતા. તેમને આ દાવો કર્યો તે જમીનનો સર્વે નંબર : પ૬ અને પ૭ તથા તેનો બ્લોક નં.૪૮ છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બ્લોક નં.પ૬ અને બ્લોક નં.પ૭ ની જમીન અંગેનુ તેમને કોઈ લખાણ કરેલ નથી, કે હાલનો દાવો પણ બ્લોક નં.પ૬ અને બ્લોક નં.પ૭ ની જમીન અંગે કરેલ નથી. તેમને ફકત બ્લોક નં.પ૭ ની જમીન અંગેનુ લખાણ કરાવેલ છે. બ્લોક નં.પ૭ વાળી જમીનમાં સર્વે નંબર : ૪૮ આવેલ છે. સર્વે નં.પ૪/અ/૧, પ૪/અ/૨, પ૭/૧/એ, પ૬/૧/બ તથા પ૭/૨ વાળી જમીનના લખાણો તેમને કરાવેલા. સદર જમીન અંગે કયા નંબરનો તથા કેટલા બ્લોક નંબર બનેલ છે તેની તેમને ખબર નથી. દાવાવાળી જમીનનું ક્ષેત્રફળ ૬ વિઘા છે. દાવાવાળી જમીન અંગે નોટરી રૂબરૂનુ કે સબ રજીસ્ટ્રાર રૂબરૂ કોઈ લખાણ કરાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે અંગે ઘરમેળે ૧૦ ના સ્ટેમ્પ ઉપર લખાણ કરેલ છે. તેઓ એક–બે ચોપડી ભણેલ છે. તેમને આંક : ૪૩ બતાવવામાં આવે છે, તે જોઈને કહે છે કે, તે દસ્તાવેજમાં તેમની સહી નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક:૪૩ ના દસ્તાવેજમાં કોઈ બ્લોક નંબરની જમીનનો ઉલ્લેખ કરેલ નથી. આંક:૪૩ ના લખાણમાં ''એની શરત'' પછી જે શબ્દો લખેલ છે અને વંચાય છે કે "દિવાળી સુધીની શરતે આ શરતની રકમ દિવાળીએ ન આપુતો '' તેના ઉપર લીટા મારીને છેકી દેવામાં આવેલ છે. આંક: ૪૩ ના સદર લખાણમાં જે ચેકચાક કરવામાં આવેલ છે તે અંગે કોઈ પક્ષકાર દવારા તેની સહી કે ટૂંકી સહી કરવામાં આવેલ નથી.

ચંદુભાઈ સોમાભાઈ ઠાકોર દાવાવાળી જમીનના માલીક નથી.

આંક:૪૩ ના લખાણની તારીખ તથા હાલનો દાવો કર્યો તે સમયગાળા દરમ્યાન તેમને મોતીબહેનને કે તેમના વારસને બાકીનો અવેજ સ્વીકારી તેમની તરફેણમાં દસ્તાવેજ કરી આપવા કોઈ પત્ર લખેલ હોય કે કોઈ નોટીસ આપેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓ અંદરો અંદર થતા હોય એટલે તે અંગે કોઈ નોટીસ આપેલ નથી. મોતીબહેન મરણ ગયેલ છે. પરંતુ તેઓ ૧૯૯૬ માં મરણ ગયેલ છે કે કેમ ? તેની તેમને ખબર નથી. મોતીબહેન મરણ જતા તેમના વારસોએ દાવાવાળી જમીન તેમના નામે કરાવેલ હતી. મોતીબહેનના વારસોની રેવન્યુ રેકર્ડમાં સદર જે એન્ટ્રી પડેલી તેની નોંધ નંબર : ૪૧૨, તા. ૧૮/૧૧/૧૯૯૬ ના રોજ પડેલ છે અને તે આ કામે આંક : ૪૫ થી રજુ થયેલ છે. મોતીબહેનના વારસો તરીકે પ્રતિ.નં.૧/૧ થી પ્રતિ. નં.૧/૩ ના નામની સદર વારસાઈ નોંધ પડેલ છે. તઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેમને મોતીબહેનના વારસો પાસેથી દાવાવાળી જમીન અંગે કયારેય કોઈ લખાણ કરાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મોતીબહેનના વારસો પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ ને પણ બાકી અવેજ સ્વીકારી દાવાવાળી જમીનનો દસ્તાવેજ કરી આપવા કોઈ પત્ર કે નોટીસ લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ જોડે જ રહેતા હોય તેથી તેમણે પત્ર કે નોટીસ લખેલ નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મોતીબહેન જીવતા હતા તે દરમ્યાન તેમને તથા તેઓ મરણે જતા તેમના વારસોને તેમને કયારેય મૌખિક પણ બાકીની અવેજ સ્વીકારી દસ્તાવેજ કરી આપવા માટે જણાવેલ નથી. મોતીબહેન જીવતા હતા ત્યારે તેણે તેમને દસ્તાવેજ કરી આપવાની ના પડેલ ન હતી. પરંતુ જણાવેલ કે, ''મારો છોકરો ખેડુત મટી ન જાય તે માટે દસ્તાવેજ કરાવવાનું રહેવા છે'' વાદીએ આંક:૪૩ ના લખાણથી હાલનો દાવો કર્યો તે દરમ્યાન પ્રતિવાદી નંબર ૧/૧ થી ૧/૩ ને તમે ખેડુત મટી ના જાવ તે માટે બીજી કોઈ ખેતીની જમીન લઈ લો તેવું અવારનવાર જણાવેલ છે. મોતીબહેન તથા તેમના મમ્મી બીજી, ત્રીજી પેઢીએ બહેનો થાય અને તે રીતે મોતીબહેન તેમના માસી થતા હતા. દાવાવાળી જમીન મોતીબહેનની વડીલોપાર્જીત જમીન હતી. તેમને આંક : ૪૪ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે, તે લખાણમાં નીચે

ડાબી બાજુએ એક અંગુઠો મારેલ છે અને તે અંગુઠાની જમણી બાજુએ એક સીકકો મારેલ છે જેમાં શ્રી/શ્રીમતી પછી કોઈ નામ લખેલ નથી અને તે જગ્યા ખાલી રાખેલ છે. આંક : ૪૪ ના લખાણમાં તેમની સહી નથી. સને : ૧૯૮૮ થી આજદિન સુધી દાવાવાળી જમીનના ખેડ હકકના કોલમમાં નામ દાખલ કરાવવા તેમને તલાટીને કે રેવન્યુ ઓફીસરને કોઈ અરજી કરેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દાવાવાળી જમીનનાં ગણોતીયા તરીકે તેમનુ નામ છે. તે જમીનમાંથી તેમને પાકનો ભાગ આપવામાં આવતો હોય અને તે રીતે તેઓ ગણોતીયા હોય તેવુ નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં ગણોતીયા તરીકે તેમનુ નામ કદી દર્શાવેલ નથી.તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી જમીન બાબતે તેમની તરફેણમાં મોતીબહેને કે તેમના વારસોએ કયારેય કોઈ લખાણ કરી આપેલ નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આંક : ૪૩ માં અંગુઠાનું નીશાન દર્શાવલ છે તે મોતીબહેનના અંગુઠાનુ નીશાન નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મોતીબહેન સાથેના તેમના સગપણને કારણે કેટલીક વખતે તેમના કહેવાથી તેમના નામે મહેસુલ તેમને ભરેલ છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી જમીનનું મહેસુલ, શિક્ષણ ઉપકર સહીતના તમામ સરકારી ભરણા મોતીબહેનની હયાતીમાં તેઓ અને તેમના અવસાન બાદ તેમના વારસો ભરતા આવેલા. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મોતીબહેનની હયાતીમાં તે અને પ્રતિવાદી નં. ૩ તથા ૪ ની તરફેણમાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થયો ત્યાં સુધી મોતીબહેનના વારસો દાવાવાળી જમીનમાં ખેડ ખાતર કરી ઉપજ નિપજ લેતા આવેલા અને તે પછી પ્રતિવાદી નં.૩ થી ૪ દાવાવાળી જમીનનું મહેસુલ શિક્ષણ ઉપકર સહીતના ભરણા ભરતા આવેલા છે અને ખેડ ખાતર કરી ઉપજ નિપજ લેતા આવેલા છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી મિલકતમાં કયારેય તેમનો કબજો ન હતો કે નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી મિલકત ઉપર આવેલ નાનકડુ બાંધકામ મોતીબહેને કરાવેલ હતુ. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમને જમીન માલીકને કદી વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવેલ નથી. તેઓએ

એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ખોટો દાવો કરેલ છે અને ખોટી જુબાની આપેલ હોવાનુ જણાવે છે.

(૭.૧) વાદીપક્ષે સાહેદ ઠાકોર બાબુજી ગરબડજીનાઓએ આંક : ૮૭ ની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આ કામના વાદીઓ તેમજ પ્રતિવાદીઓને સારી રીતે ઓળખે છે અને સદર દાવાની તકરારોથી તેઓ સારી રીતે માહીતગાર હતા અને છે. આ કામના વાદીએ ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકે દશક્રોઈના મોજે ગામ ઈસ્ટોલાબાદની સીમના બ્લોક નંબર–૫૬ (સર્વે નં–૫૭/૨) ની, અને બ્લોક નંબર–૫૭ (સર્વે નં–૫૪–અ/૧–૫૪–અ/૨–૫૭/૧અ–૫૬–૧બ) ની તથા ખાતા નં–૧૫ વાળી જમીન બાઈ મોતી તે લાખા કલાની દીકરીની કુલ સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા, ખેડ હક્કે આવેલ હતી. સદરહું જમીનો બાઈ મોતી તે લાખા કલાની દીકરીએ મણીલાલ આત્મારામને તા.૩૧/૦૬/૧૯૮૮ના રોજ વેચાણ આપવાનું નક્કી કરીને વેચાણ અવેજની રકમો સ્વીકારીને કાયદેસરનો કરાર કરી વેચાણ આપી તે કબજો ભોગવટો સોંપેલ છે અને હાલમાં સદર જમીનનો કબજો વાદી મણીલાલ આત્મારામ સોલંકી પાસે છે. તેવું તેમની જાણ મુજબ સાચુ છે.

મોજે–ઈસ્ટોલાબાદની મોતીબેન લાખાજીની જમીન સને–૧૯૮૮ની સાલમાં સોલંકી મણીલાલ આત્મારામને રૂા.૧૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર વેચાણ કરાર કરવામાં આવેલ જે કરારમાં અમો સાહેદના પિતા ભાવસીંગ ઉર્ફે બાવસીંગ આત્મારામે સહી કરેલ છે જે સહી અમો સાહેદના પિતાજીએ કરેલ છે અને મજકુર સહી અમારા પિતાજીની હોઈ અમો ઓળખી બતાવીએ છીએ.

સદર જમીનમાં તેમની જાણ મુજબ છેલ્લા પંદર વર્ષથી મણીલાલ આત્મારામ સોલંકી અને તેમના પરીવારના સભ્યો મકાનો બનાવી વસવાટ કરે છે તેમજ ખેતીવાડી પણ મણીલાલ આત્મારામ સોલંકી કરે છે જે હકીકત તેમની જાણ મુજબ સાચી અને ખરી છે. દાવાવાળી જમીન સને–૧૯૮૮માં મણીલાલ આત્મારામને વેચાણ આપી કબજો સોંપ્યા બાદ મોતીબેન લાખાજીના વારસોએ હરજીભાઈ સાકાભાઈ ભરવાડ અને પુનાભાઈ મખાભાઈ

ભરવાડને વેચાણ દસ્તાવેજ કરી આપતા, મજકુર હરજીભાઈ ભરવાડ વિગેરે નાઓએ સદર જમીનમાં કબજો કરવા પ્રયાસો કરેલા અને હરજીભાઈ ભરવાડ તથા બીજા અન્ય વ્યક્તિઓએ મણીલાલ આત્મારામ અને તેમના પરીવાર પર લાકડી ધારીયા જેવા હથીયારોથી જીવલેણ હુમલો કરી, ઈજાઓ કરીને કબજો પડાવી લેવા કાવતરૂ કરેલ જેની અમો સાહેદ તથા ઈસ્ટોલાબાદ ગામના તમામ વ્યક્તિઓને જાણકારી છે. સદર દાવાના વાદી અને પ્રતિવાદી મોતીબેન લાખાજી વચ્ચેના વેચાણ વ્યવહાર અને લખાણો તેમજ અવેજ ચુકવણીની હકીકતોથી અને તેઓ વચ્ચેની તકરારોથી સારી રીતે માહીતગાર હોઈ સદર દાવાની તકરારોના કામે ન્યાયીક નિર્ણય સારૂં સાચી હકીકતો જાહેર કરવા સારૂં આ સોગંદ ઉપર જુબાની આપેલ હોવાનુ જણાવે છે.

જયારે પ્રતિવાદી નંબર : ૩ થી ૪ ના વિ.વ.શ્રીનાઓએ સદર સાહેદની ઉલટ–તપાસ કરતા, જે જમીન અંગે આ જુબાની આપવા આવેલ છે તેનો સર્વે નં.૫૬ અને ૫૭ છે. તેનો બ્લોક નંબર તેમને યાદ નથી. તેમને સદર સર્વે નંબરની જમીનોના ક્ષેત્રફળની ખબર નથી. તેમને તેમની જમીનનો સર્વે નંબર ખબર નથી. દાવાવાળી જમીનની ચારેય બાજુ કયા કયા સર્વે નંબરોની જમીન આવેલી છે? તેની તેમને ખબર નથી. તેમને દાવાવાળી જમીનની હદ નિશાનની ખબર છે. તેમને મારી જમીનનો સર્વે નંબરની ખબર નથી અને દાવાવાળી જમીનના સર્વે નંબરની ખબર છે તે માટે ખાસ કોઈ કારણ નથી. દાવાવાળી જમીનના ગામ નમુના નં.૭/૧૨ તેમને જોયેલા નથી. મણીલાલે તેમને આ દાવાવાળી જમીનના સર્વે નંબર કહેલા તેથી તેમને ખબર પડેલી કે દાવાવાળી જમીનના નંબર કયા છે. જે તેમને મણીલાલ આશરે ચાર પાંચ મહિના પહેલા જણાવેલ. આ જુબાની આપવાની હતી તેથી મણીલાલે તેમને જણાવેલું. આ જમીનના માલીક અગાઉ કોણ હતુ ? તેની તેમને ખબર નથી. આ જમીનના અગાઉ માલીક કોણ હતા? તેવું તેમને ક્યારેય કોઈને લખાવેલ નથી. આ જમીનના અગાઉના માલીકે કોની જોડે શું વ્યવહાર કરેલો ? તેની પણ તેમને ખબર નથી કે તેમને કોઈને લખાવેલ નથી. અગાઉના જમીન માલીકને તેમને જોયેલા નથી. અગાઉના જમીન માલીક આ વાદવાળી જમીન

વેચાણ દસ્તાવેજ કરી, કબજો કોઈને સોંપી દીધો હોય તો તેની તેમને ખબર નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હાલમાં દાવાવાળી જમીનના માલીક ભરવાડ કોમના છે. જમીનના મુળ માલીકે પ્રતિવાદી નં.૩ અને ૪ ની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપેલો હોય તેની તેમને ખબર નથી. દાવાવાળી જમીનથી ઈસ્ટોલાબાદનો ઠાકોર વાસ અડીને આવેલ છે. તેમાં બધા ઠાકોર કોમના રહે છે. જે આશરે ૧૫૦ જેટલા ઘર હશે. મણીલાલ આત્મારામનુ ઘર પણ આ ઠાકોર વાસમાં છે અને મણીલાલ આત્મારામ તેમના કુટુંબ સાથે આ ઘરમાં રહે છે.

સદર સાહેદને સવાલ કરવામાં આવેલ છે કે, મણીલાલના ઘરથી આ દાવાવાળુ ખેતર કેટલુ દુર હશે? તેના જવાબમાં જણાવેલ છે કે, અડીને જ આવેલ છે.

મણીલાલના ઘરને અડીને વિષ્ણુભાઈ રમણભાઈનુ ઘર છે. મણીલાલની બીજી બાજુ બળદેવભાઈ ધનાભાઈનુ ઘર છે. મણીલાલના ઘરની સામે રસ્તા પછી નવઘણભાઈ ભાવાભાઈનું ઘર છે. મણીલાલના ઘરની પાછળના ભાગે ખેતર આવેલું છે. આ દાવો ક્યારે થયેલો તેની તેમને ખબર નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ મણીલાલને ટેકો આપવા ખોટી જુબાની આપે છે, દાવાવાળી જમીનમાં વાદીનો કદી કબજો ભોગવટો કે હકક હતો નહિ કે છે નહિ હોવાનુ જણાવે છે.

(૭.૨) વાદીપક્ષે સાહેદ ઠાકોર નવધણભાઇ ભાવાભાઇનાઓએ આંક : ૮૮ ની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આ કામના વાદીઓ તેમજ પ્રતિવાદીઓને સારી રીતે ઓળખે છે અને સદર દાવાની તકરારોથી તેઓ સારી રીતે માહીતગાર હતા અને છે. આ કામના વાદીએ ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકે દશક્રોઈના મોજે ગામ ઈસ્ટોલાબાદની સીમના બ્લોક નંબર–૫૬ (સર્વે નં–૫૭/૨) ની, અને બ્લોક નંબર–૫૭ (સર્વે નં–૫૪–અ/૧–૫૪–અ/૨–૫૭/૧અ–૫૬–૧બ) ની તથા ખાતા નં–૧૫ વાળી જમીન બાઈ મોતી તે લાખા કલાની દીકરીની કુલ સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા, ખેડ હક્કે આવેલ હતી.

સદરહું જમીનો બાઈ મોતી તે લાખા કલાની દીકરીએ મણીલાલ આત્મારામને તા.૩૧/૦૬/૧૯૮૮ના રોજ વેચાણ આપવાનું નક્કી કરીને વેચાણ અવેજની રકમો સ્વીકારીને કાયદેસરનો કરાર કરી વેચાણ આપી તેમને કબજો ભોગવટો સોંપેલ છે અને હાલમાં સદર જમીનનો કબજો વાદી મણીલાલ આત્મારામ સોલંકી પાસે છે. તેવું તેમની જાણ મુજબ સાચુ છે.

મોજે–ઈસ્ટોલાબદની મોતીબેન લાખાજીની જમીન સને–૧૯૮૮ની સાલમાં સોલંકી મણીલાલ આત્મારામને રૂા.૧૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર વેચાણ કરાર કરવામાં આવેલ જે કરારમાં તેઓ સાહેદના પિતા ભાવસીંગ ઉર્ફે બાવસીંગ આત્મારામે સહી કરેલ છે જે સહી તેઓ સાહેદના પિતાજીએ કરેલ છે અને મજકુર સહી અમારા પિતાજીની હોઈ તેઓ ઓળખી બતાવે છે. સદર જમીનમાં તેમની જાણ મુજબ છેલ્લા પંદર વર્ષથી મણીલાલ આત્મારામ સોલંકી અને તેમના પરીવારના સભ્યો મકાનો બનાવી વસવાટ કરે છે તેમજ ખેતીવાડી પણ મણીલાલ આત્મારામ સોલંકી કરે છે. જે હકીકત તેમની જાણ મુજબ સાચી અને ખરી છે.

દાવાવાળી જમીન સને–૧૯૮૮માં મણીલાલ આત્મારામને વેચાણ આપી કબજો સોંપ્યા બાદ મોતીબેન લાખાજીના વારસોએ હરજીભાઈ સાકાભાઈ ભરવાડ અને પુનાભાઈ મખાભાઈ ભરવાડને વેચાણ દસ્તાવેજ કરી આપતા મજકુર હરજીભાઈ ભરવાડ વિગેરે નાઓએ સદર જમીનમાં કબજો કરવા પ્રયાસો કરેલા અને હરજીભાઈ ભરવાડ તથા બીજા અન્ય વ્યક્તિઓએ મણીલાલ આત્મારામ અને તેમના પરીવાર પર લાકડી ધારીયા જેવા હથીયારોથી જીવલેણ હુમલો કરી ઈજાઓ કરીને કબજો પડાવી લેવા કાવતરૂ કરેલ જેની અમો સાહેદ તથા ઈસ્ટોલાબાદ ગામના તમામ વ્યક્તિઓને જાણકારી છે. સદર દાવાના વાદી અને પ્રતિવાદી મોતીબેન લાખાજી વચ્ચેના વેચાણ વ્યવહાર અને લખાણો તેમજ અવેજ ચુકવણીની હકીકતોથી અને તેઓ વચ્ચેની તકરારોથી સારી રીતે માહીતગાર હોવાનુ જણાવે છે.

જયારે પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓ તરફે વિ.વ.શ્રીનાઓએ સદર સાહેદની ઉલટ–તપાસ કરતા, તેમને તેમની માલીકીની ખેતીની જમીન

છે, જે ખેતીની જમીન ઈસ્ટોલાબાદમાં આવેલી છે. જયાં તેઓ ખેતી જાતે કરે છે. તેમની ખેતીની જમીન અને વાદવાળી જમીન વચ્ચે આશરે ૩/૪ ખેતરો જેટલુ અંતર છે. તેઓ ખેતી જ કરે છે. મારી જમીનનો સર્વે નં. ૧૮ છે અને બ્લોક નંબરની ખબર નથી. તેઓ જુબાની આપવા આવેલ છે તે દાવાવાળી જમીનનો સર્વે નં.પ૬ અને પ૭ છે. બ્લોક નંબર : પ૬ કેટલા સર્વે નંબરોનો બનેલ છે? તેની તેમને ખબર નથી. બ્લોક નં.પ૬ કેટલા સર્વે નંબરો? અને કયા કયા સર્વે નંબરોનો બનેલો છે? તેવુ તેમને કોઈને લખાવેલ નથી. બ્લોક નં.પ૭ કેટલા સર્વે નંબરોનો બનેલ છે? તેની તેમને ખબર નથી. બ્લોક નં.પ૭ કેટલા સર્વે નંબરો? અને કયા કયા સર્વે નંબરોનો બનેલો છે? તેવું તેમને કોઈને લખાવેલ નથી. બ્લોક નં.પ૬ અને બ્લોક નં.પ૭ ની જમીન સ્થળ ઉપર જુદી પાડી શકાય તેવી નથી. બ્લોક નં.પ૬ અને પ૭ નુ ક્ષેત્રફળ જુદુ જુદુ કેટલું છે? તેની તેમને ખબર નથી. બ્લોક નં.પ૬ કયાંથી શરૂ થાય અને કયાં પુરો થાય તે જ રીતે બ્લોક નં. પ૭ કયાંથી શરૂ થાય અને કયાં પુરો થાય તે તેઓ કહી શકુ તેમ નથી. વાદવાળી જમીનની બ્લોક નં પ૬ અને પ૭ ની ચારેય દિશામાં કયા કયા બ્લોક નંબર આવેલ છે? તેની તેમને ખબર નથી. આ જમીનના અગાઉ માલીક મોતીબહેન હતા. આ મોતીબહેન લાખાજીની દિકરી અને ઉકાજી વાઘાજીના પત્ની હતા. મોતીબહેને કોઈની સાથે કોઈ કરાર કર્યો હોય તો તેની તેમને ખબર છે. મોતીબહેને જે કરાર કરેલો હોય તેમાં તેમને સહી કરેલી હોય તેવુ બનેલ નથી. સદર કરાર થયેલ ત્યારે તેઓ હાજર ન હતો. આવો કરાર થયાની તેમને થોડા સમય પછી ખબર પડેલી. તે કરારની તેમને આજથી ૧૫/૧૭ વર્ષ પહેલા ખબર પડેલી. તે કરાર થયેલ હોય તો તે તેમને અસલ જોયેલો નથી. મણીલાલ આત્મારામનુ મકાન તેમના મકાનથી આશરે ૧૫૦ ફુટ દુર છે. મણીલાલ આત્મારામની ચારેય બાજુ ઠાકોરવાસના બીજા મકાન આવેલા છે. મણીલાલ આત્મારામ આ મકાનમાં પોતાના કુટુંબ સાથે રહે છે. મણીલાલે તેમને કહેલું કે, મોતીબહેનના વારસોએ હરજીભાઈ સાંકાભાઈ ભરવાડ અને પુનાભાઈ મખાભાઈ ભરવાડને વેચાણ દસ્તાવેજ કરી આપેલ. જે વેચાણ દસ્તાવેજ તેમને જોયેલ નથી, પ્રતિવાદી નં. ૩ અને ૪ ને તેમને જોયેલ નથી. તેઓને તેઓ ઓળખતા નથી.

હાલનો દાવો આશરે ૧૦ થી ૧૨ વર્ષ પહેલા થયેલો છે. દાવો થયેલ તેની ખબર તેમને તુરંત મણીલાલના કહેવાથી થયેલી. આ દાવાવાળી જમીનનુ પંચનામું થયેલું ત્યારે તેઓ હાજર ન હતાં. તે પંચનામુ થયુ તે તેમને જોયેલ નથી. મણીલાલ આત્મારામની તરફેણમાં કોઈ કરાર થયેલ હોય તે તેમને જોયેલ નથી. કરાર કે કરારમાં દર્શાવેલ કોઈ વ્યવહાર તેમની રૂબરૂમાં થયેલ નથી. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં.૩ અને ૪ નો કબજો છે, દાવાવાળી જમીનમાં વાદીનો ક્યારેય કોઈ હકક, કબજો ન હતો કે નથી, એ વાત ખરી નથી કે એક ગામમાં રહેતા હોવાથી વાદીને મદદ કરવા માટે ખોટી જુબાની આપતા હોવાનુ જણાવે છે.

(૭.૩) વાદીપક્ષે સાહેદ ઠાકોર વિષ્ણુભાઈ રમણભાઈનાઓએ આંક : ૮૯ ની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આ કામના વાદીઓ તેમજ પ્રતિવાદીઓને સારી રીતે ઓળખે છે અને સદર દાવાની તકરારોથી તેઓ સારી રીતે માહીતગાર હતા અને છે. આ કામના વાદીએ ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકે દશક્રોઈના મોજે ગામ ઈસ્ટોલાબાદની સીમના બ્લોક નંબર–૫૬ (સર્વે નં–૫૭/૨) ની, અને બ્લોક નંબર–૫૭ (સર્વે નં–૫૪–અ/૧–૫૪–અ/૨–૫૭/૧અ–૫૬–૧બ) ની તથા ખાતા નં–૧૫ વાળી જમીન બાઈ મોતી તે લાખા કલાની દીકરીની કુલ સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા, ખેડ હક્કે આવેલ હતી. સદરહું જમીનો બાઈ મોતી તે લાખા કલાની દીકરીએ મણીલાલ આત્મારામને તા.૩૧/૦૬/૧૯૮૮ના રોજ વેચાણ આપવાનું નક્કી કરીને વેચાણ અવેજની રકમો સ્વીકારીને કાયદેસરનો કરાર કરી વેચાણ આપીતે કબજો ભોગવટો સોંપેલ છે અને હાલમાં સદર જમીનનો કબજો વાદી મણીલાલ આત્મારામ સોલંકી પાસે છે. તેવું તેમની જાણ મુજબ સાચુ છે.

સદર દાવામાં જણાવેલ જમીનોમાં મણીલાલ આત્મારામના કહેવા અને જરૂરીયાત મુજબ તેઓ છેલ્લા પંદરેક વર્ષથી તેમની માલીકીની ટેક્ટરથી ખેડાણ કરી આપીએ છીએ. સદર જમીનમાં તેમની જાણ મુજબ છેલ્લા પંદર વર્ષથી મણીલાલ આત્મારામ સોલંકી અને તેમના પરીવારના સભ્યો મકાનો

બનાવી વસવાટ કરે છે તેમજ ખેતીવાડી પણ મણીલાલ આત્મારામ સોલંકી કરે છે. દાવાવાળી જમીન સને-૧૯૮૮માં મણીલાલ આત્મારામને વેચાણ આપી કબજો સોંપ્યા બાદ મોતીબેન લાખાજીના વારસોએ હરજીભાઈ સાકાભાઈ ભરવાડ અને પુનાભાઈ મખાભાઈ ભરવાડને વેચાણ દસ્તાવેજ કરી આપતા મજકુર હરજીભાઈ ભરવાડ વિગેરે નાઓએ સદર જમીનમાં કબજો કરવા પ્રયાસો કરેલા જે વાદી મણીલાલ આત્મારામે સદર જમીનમાં દાવો દાખલ કરેલ. જે દાવામાં તા.૨૬/૦૧/૨૦૧૦ના રોજ નામદાર કોર્ટના હુકમ મુજબ પંચનામું કરવામાં આવેલ તે પંચનામા સમયે પણ સાહેદના પિતા રમણભાઈ ભુલાભાઈ પંચ તરીકે હાજર રહેલા અને સદર જમીનની સ્થળ સ્થિતીની નોંધ કોર્ટ કમિશ્નરશ્રી પાસે કરાવેલી તેમજ કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામામાં તેમના પિતા રમણભાઈએ પંચ નં.૨ તરીકે સહી કરેલ છે જે સહી તેઓ ઓળખી બતાવતા હોવાનુ જણાવે છે. સદર દાવાના વાદી અને પ્રતિવાદી મોતીબેન લાખાજી વચ્ચેના વેચાણ વ્યવહાર અને લખાણો તેમજ અવેજ ચુકવણીની હકીકતોથી અને તેઓ વચ્ચેની તકરારોથી સારી રીતે માહીતગાર હોઈ, જુબાની આપેલ હોવાનુ જણાવે છે.

જયારે પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓ તરફે વિ.વ.શ્રીનાઓ ધ્વારા સદર સાહેદની ઉલટ-તપાસ કરતા, તેમની સરતપાસમાં તેમની ઉંમર ૩૯ વર્ષની દર્શાવેલ છે તે સાચી છે. તેમનો જન્મ તા.૧/૬/૧૯૮૩ છે. "સદરહુ જમીનો આ કામના પ્રતિવાદી નં. ૧ બાઈ મોતી તે લાખો કલાની દીકરી મણીલાલ આત્મારામને તા.૩૧/૦૬/૧૯૮૮ ના રોજ વેચાણ આપવાનું નકકી કરીને વેચાણ અવેજની રકમ સ્વીકારીને કાયદેસરનો કરાર કરી વેચાણ આપીને કબજો ભોવટો સોંપેલ છે" - તેવુ તેમને લખાવેલ નથી. દાવાવાળી જમીનના બ્લોક નં.૫૬ અને ૫૭ છે અને તેના મુળ સર્વે નંબર કયા હતા? તેની તેમને ખબર નથી. તેમને તેમની સરતપાસમાં મુળ સર્વે નંબરો લખાવેલ નથી. દાવાવાળી જમીનના મુળ માલીક મણીલાલ આત્મારામ હતા અને હાલમાં પણ છે. હવે સાહેદ જણાવે છે કે, તેના મુળ માલીક મેલાભાઈ ઉકાભાઈ હતા. તેમને ટ્રેક્ટર છે જે તેમના પિતા ૪૦ વર્ષોથી રાખતા હતા અને

છેલ્લા ૧૫ વર્ષોથી તેઓ ધરાવે છે. તેમના પિતા હાલમાં હયાત છે. અમે ૨ ભાઈઓ છે. તેમનાથી મોટા ભાઈ છે. તેમના મોટા ભાઈ ટ્રેકટર ધરાવતા નથી. તેઓ ટ્રેકટર ભાડથી ખેડે તો તેની કોઈ રસીદ રાખતા નથી કે આપતા નથી. તેઓ ઈન્કમટેક્ષ ભરતા નથી. તેમને ટ્રેકટરની આવક દર્શાવતો કોઈ પુરાવો તેમની પાસે નથી. મણીલાલ આત્મારામના મકાનની ચારેય બાજુ ઠાકોર સમાજના બીજા લોકો રહે છે અને તેઓ પણ તે જ ઠાકોર વાસમાં રહે છે. દાવો કયારે થયેલો તેની તેમને ખબર નથી. દાવાવાળી જગ્યાનુ પંચનામું થયેલ કે કેમ? તેની તેમને ખબર નથી. દાવાવાળી જમીન અંગે વાદીને કોઈની સાથે કોઈ વ્યવહાર થયેલા હોય તો તેની તેમને ખબર નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, વાદવાળી જમીનના મુળ માલીકોએ પ્રતિવાદી નં.૩ અને ૪ ને વેચાણ આપી કબજો સોંપી દીધેલ છે. જમીનના મુળ માલીક અને પ્રતિવાદી નં.૩ અને ૪ સાથે કોઈ વેચાણ દસ્તાવેજ થયેલ છે કે કેમ? તેની તેમને ખબર નથી. પ્રતિવાદી નં.૩ અને ૪ ને તેમને જોયેલ નથી કે તેઓ ઓળખતા નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી જમીનમાં પ્રતિવાદી નં. ૩ અને ૪ નો કબજો છે, દાવાવાળી જમીનમાં વાદીનો કયારેય કોઈ હક્ક, કબજો ન હતો કે નથી, એક ગામમાં રહેતા હોવાથી વાદીને મદદ કરવા માટે ખોટી જુબાની આપતા હોવાનુ જણાવે છે.

(૭.૪) વાદી તરફે સાહેદ વિજયભાઇ મનુભાઇ વ્યાસનાઓએ આંક : ૯૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, સને ૨૦૧૦ ના અરસામાં તેઓ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોટ માં નાઝીર શાખામાં સુપ્રીટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતો હતાં. દરમ્યાન તેમને કોર્ટ તરફથી કમિશનપત્ર આ દાવાના કામે દાવાવાળી જગ્યાનું પંચનામુ કરવા માટે મળતા તેમને આ કામના વાદી અને પ્રતિવાદીઓને તા.૨૬/૦૧/૨૦૧૦ ના રોજ ઈસ્ટોલાબાદની બ્લોક નંબર– ૫૬, ૫૭ વાળી જગ્યા ઉપર પંચનામા માટે હાજર રહેવા નોટીસો કાઢેલી અને નોટીસ બજયાનો બેલીફ રીપોર્ટ આવતા તા.૨૬/૦૧/૨૦૧૦ ના રોજ સવારના નવ કલાકે તેઓ આ ઈસ્ટોલાબાદની દાવાવાળી જગ્યા ઉપર પહોંચેલા, સ્થળ પર વાદીઓ તથા બીજા માણસો

હાજર હતા તેમાંથી બે પંચો સ્વેચ્છાપુર્વક સ્થળ સ્થિતિ લખાવતા સ્થળસ્થિતિનું પંચનામું કરેલુ. પંચોના લખાવ્યા મુજબનુ પંચનામુ અમોએ લખી લીધેલુ અને પંચોએ તેમાં સહીઓ કરી આપેલી. તેમજ તેમને દાવાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ હોવાનુ જણાવે છે.

જયારે પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓ તરફે વિ.વ.શ્રીનાઓએ ઉલટ–તપાસ કરતા, આંક–૯૬ વાળી નોટીસમાં પ્રતિવાદી નં–૨ વાળા મૃત્યુ પામેલ છે તેવો શેરો છે. પ્રતિવાદી નં–૧ અને ૨ વાળા ઠાકોર કોમના અને પ્રતિવાદી નં–૩ અને ૪ વાળા ભરવાડ કોમના છે. તેઓ આંક ૯૬ જોઈને કહે છે કે, આ નોટીસ પ્રતિવાદી નંબર–૩ હરજીભાઈ સાકાભાઈ ભરવાડ અને પ્રતિવાદી નંબર–૪ પુનમભાઈ મખાભાઈ ભરવાડનાઓને જાતે બજેલ નથી. તેઓ પંચનામું કરવા જાય તે પહેલા પંચનામાની અરજી અને કોર્ટ કરેલ હુકમને વાંચીને પંચનામું કરવા જઈએ છીએ. પંચનામાની અરજીથી કોઈ કરેલ હુકમ સિવાયની કોઈ હકીકત કોઈ પક્ષકાર જણાવે તો પણ તેમને પંચનામામાં લખીએ નહી. પંચો પણ કોર્ટના હુકમ સિવાયની કોઈ હકીકત કહે તો પણ પંચનામામાં લખીએ નહી. પંચનામાની અરજીમાં તથા કોર્ટના હુકમમાં તેમને પ્રવર્તમાન સ્થળ સ્થીતીનુ પંચનામું કરી તેમને કોર્ટમાં રીપોર્ટ કરવાનો હતો. આ કામના હુકમમાં કોની માલિકી અંગે કોઈ ઉલ્લેખ કરવાનો કોર્ટનો હુકમ ન હતો. તેમને આંક–૯૭ ના પેજ નં–૩ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે, તેમાં છેલ્લેથી છઠ્ઠી લીટીમાં વાકય છે કે, એકથી છ મકાનો છે. જેમાં મધ્યમાં બે મકાનો આ કામના વાદીના આવેલા છે. – તે માટે લખવુ જોઈતુ ન હતું. તેથી તેના અનુસંધાને વાદીના મકાન તરીક વર્ણન કરીને તેના આનુસંગીક કરેલા ઉલ્લેખો પણ કરવા જોઈતા ન હતાં. તેમને આંક–૯ ના પેજ નં–૪ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે, તેમાં બીજા ચાર મકાનોમાં મણજી બુધાજી, ચંદુભાઈ સોમાભાઈ, ગોરધનભાઈ વાઘાજી. બકાભાઈ વાધાજી અને બીજા ચાર મકાનોમાં લક્ષ્મીબેન ભાઈલાલભાઈ, અબુભાઈ કાળીદાસ, જગદીશભાઈ સમજી તથા મનુભાઈ રામસીંગ રહેતા હોવાનું દર્શાવેલ છે. તે પણ દર્શાવવું જોઈતુ ન હતુ. આંક–૯૭ ના પેજ નં–૫ પર મણીલાલ આત્મારામના મકાનો હોવાની અને મણીલાલ આત્મારામની

વાવેતર કર્યા હોવાની હકીકત પણ તેમને દર્શાવવી જોઈતી ન હતી. "બીજા માણસો હાજર હતા તેમાંથી બે પંચો" એવી હકીકત પંચનામામાં દર્શાવેલ નથી. આ પંચનામું કરવા ઈસ્ટોલાબાદ ગયા ત્યારે તે ગામમાં તથા સીમાડામાં તેઓ પહેલી વાર ગયેલ. એ ગામના બ્લોક નં-૫૬ અને ૫૭ જે વાદીએ બતાવેલા તે તેમને ખરા હોવાનુ માનીને પંચનામું કરેલુ. આ બ્લોક નં-૫૬ અને ૫૭ નુ જે ક્ષેત્રફળ જે તેમને દાવા અરજીમાં લખેલ હોય તે માની લીધેલું. બ્લોક નં-૫૬ કયાથી શરુ થાય અને પુરો થાય અને બ્લોક નં-૫૭ કયાથી શરુ થાય અને પુરો થાય એ તેમને વાદીએ કહેલુ તે તેમને માની લીધેલું. આંક-૯૮ માં વાદી કે પંચોની સહી લીધેલ નથી તેનું કોઈ કારણ નથી પરંતુ સામાન્ય રીતે તેઓ પંચોની સહીઓ લેતા નથી. એ વાતની તેમને ખબર નથી કે તેમને જે જગ્યાનું પંચનામુ કર્યુ તે દાવાવાળી જગ્યાનુ છે કે કેમ ? તે મુજબનો પુરાવો આપેલ છે.

<u>પ્રતિવાદીનો મૌખિક પુરાવો :-</u>

(૮) આ કામના પ્રતિવાદી નંબર : ૩ અને ૪ તરફે પ્રતિવાદી પુનાભાઇ મખાભાઇ ભરવાડનાઓનુ આંક-૧૦૬થી સરતપાસ સોગંદનામુ રજૂ કરેલ છે. જે વંચાણે લેતા, તેઓએ સદર દાવા અરજીના કામે આપેલ જવાબની હકીકતે પુરાવો આપેલ છે.

જયારે વાદી તરફે સદર પ્રતિવાદીની ઉલટ-તપાસ કરતા, આ દાવાવાળી જમીનનો જુનો સર્વે નં. ૫૭ અને નવો સર્વે નં. ૩૪ છે. આ દાવાવાળી જમીન હાલે પણ મેલાભાઈ ઉકાભાઈ, રાવજીભાઈ ઉકાભાઈ, સંતોકબેન ઉકાભાઈ વિ. ના નામે ચાલે છે. આ દાવાવાળી જમીન તેમને ખરીદતા પહેલા સ્થળ ઉપર જમીન જોવા ગયેલા. આ દાવાવાળી જમીનમાં ઉત્તર-પુર્વ બાજુએ સર્વે નં. ૫૭ માં જવાનો રસ્તો આવેલો છે. આવા કોઈ રસ્તાની નોંધ દસ્તાવેજમાં કરવામાં આવેલી નથી. તેમને માર્ક-૧૦૭/૧ વાળો વેચાણ દસ્તાવેજ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે, તે આ વાદવાળી જમીનનો દસ્તાવેજ છે અને તે તેમને તેમની સરતપાસ વખતે રજુ કરેલ છે. આંક-૧૧૦ વાળો દસ્તાવેજ કે જે સને ૨૦૦૯ માં કરેલ જેની રેવન્યુ

રેકર્ડમાં નોંધ કરવા અરજી કરેલી અને કાચી નોંધ નં. ૫૩૨ પડાવેલી. આ કાચી નોંધ મામલતદારશ્રી સમક્ષ વાંધા અરજી આવતા નોંધ તકરારી થયેલી. તેમની કાચી નોંધ તકરારી કેસના કામે મામલતદારશ્રીએ સને – ૨૦૦૯ માં નામંજુર કરેલ. તેમને તેમની નોંધ સને – ૨૦૦૯ માં નામંજુર કરવામાં આવ્યા બાદ તેમને તેની ઉપર કોઈ અપીલ કે રીવીઝન કરેલ નથી. સાહેદ જણાવે છે કે, કોર્ટનો મનાઈ હુકમ હતો તેથી કરેલ નહી. તેઓ આ કામના પ્રતિવાદી મેલાજી ઉકાજી, રાવજીભાઈ ઉકાજીના ત્યાં રોપડા મુકામે મળેલા. તેઓ જીવીબેન નાથાભાઈ ઠાકોર પાસેથી કોઈ જમીન વેચાણ રાખેલી નહી. આ જમીન તેમને વેચાણ રાખી ત્યારે તે ખેતીની જમીન તરીકે આવેલી હતી. આ જમીનમાં તે વખતે એટલે કે સને – ૨૦૦૯ માં કોઈ ઓરડીઓ કે ઢોર બાંધવાની ગમાણ જેવા કોઈ બાંધકામ આવેલા હતા નહી. સને ૨૦૦૯ ના દસ્તાવેજ બાદ હાલના દાવાના સમન્સ/નોટીસ અને કોર્ટ કમિશ્નરશ્રીની પંચનામું કરવાની નોટીસની બજવણી તેમના ઘરે થયેલી, જે તેમના કૌટુંબિક ભાઈ વીરમભાઈ ભરવાડે સ્વીકારેલી. પંચનામા વખતે દાવાવાળી જમીન ઉપર તેઓ હાજર રહેલા નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પંચનામાના આગલા દિવસે તેઓ તેમના ખેતરે હતા. આ ખેતરના બાજુનો જે બ્લોક છે તે ગામતળ છે અને તે બ્લોકની બાજુમાં વાદીનું મકાન આવેલું છે. જ્યાં વાદી સાથે બોલાચાલી થતા પોલીસ અમોને પકડીને લઈ ગયેલી હોઈ પંચનામા સમયે અમો હાજર રહી શકેલ નહી. વાદીઓના કબજામાં આવેલ મકાનો અને તે સાથેના બાંધકામોનો તેમની દસ્તાવેજવાળી જમીનમાં સમાવેશ થતો નથી કે વાદીઓના મકાનો બાબતે તેમને કોઈ લેવા–દેવા નથી. વાદીઓના જે મકાનો આવેલા છે તે ગામતળની જમીનમાં આવેલા છે. આ મકાનો ગામતળમાં આવેલા છે તે બાબતનો દસ્તાવેજી પુરાવો તેઓ લાવેલ છે. જેમાં સૌપ્રથમ દાવાવાળી જમીનનો ૭ અને ૧૨ નો ઉતારો રજુ કરે છે. જે બ્લોક સર્વે નં. ૩૭ ખેતી લાયક ઉપયોગ સારૂની જમીન દર્શાવેલ છે, જે રજુ દાખલ આંક – ૧૧૧. તેમજ બ્લોક સર્વે નં. ૩૮ જેમાં પોતખરાબો બતાવેલ છે, જે રજુ દાખલ આંક–૧૧૨ અને બ્લોક સર્વે નં. ૩૯ જેમાં ગામતળ દર્શાવેલ છે, જે રજુ દાખલ આંક –૧૧૩. તેમના કહેવા મુજબ વાદીઓના જે મકાનો

આવેલા છે તે બ્લોક સર્વે નં. ૩૯ વાળી જમીનમાં આવેલા છે. તેઓ તેમની સાથે બ્લોક સર્વે નં. ૩૫ નો તાજેતરનો ૭ નો ઉતારો લાવેલ છે. જેનો જુનો બ્લોક સર્વે નં. ૫૬ હતો. જે હવે રજુ દાખલ આંક – ૧૧૪. તે ઉતારો – તેમને બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, તેમાં મોતી તે લખા કલાની દીકરીના વાલી જીવીબેન દર્શાવે છે. તેમજ મણીલાલ આતાજી એટલે કે, આ કામના વાદીનું નામ પણ દર્શાવેલ છે. આંક – ૧૦૬ ની સરતપાસમાં તેમની સહી છે તે હું ઓળખી બતાવે છે. આંક –૧૦૬ ની જુબાની તેમને વાંચીને તેમાં સહીઓ કરેલી. આ કામના વાદીઓ ગામતળમાં રહેતા હોવાની કોઈ હકીકત તેમને મારી સરતપાસમાં જણાવેલ નથી. આ દાવાવાળી જમીનમાં હાલ કોઈ વાવેતર કરેલ હોય, તેવી કોઈ હકીકત તેમને દર્શાવેલી નથી. સાહેદ જણાવે છે કે, આ જમીન હાલ પડતર હોઈ જણાવેલ નથી. આ દાવાવાળી જમીન તેમના કબજા ભોગવટામાં છે તે બતાવવા વેચાણ દસ્તાવેજ સિવાય બીજો કોઈ દસ્તાવેજી પુરાવો તેમની પાસેથી નથી. સને ૨૦૦૯ માં વેચાણ રાખ્યા બાદ આ દાવાવાળી જમીનનો કોઈ જમીન મહેસુલ તેઓએ ભરેલ નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી જમીનમાં દસ્તાવેજ કરી જમીનનો કબજો લેવા માટે તેઓ ગયેલા. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દાવાવાળી જમીનમાં તેમનો કબજો નથી અને દસ્તાવેજ કબજા વગરનો છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ દાવાવાળી જમીનનો કબજો પકાવી લેવા માટે તેમને આંક – ૧૦૬ થી ખોટી હકીકતો દર્શાવી ખોટી જુબાની આપેલ હોવાનુ જણાવે છે.

(૯) <u>મુદ્દા નંબર : ૧ થી ૬ ની ચર્ચા : –</u>

આ તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, તમામ મુદ્દાની એક સાથે ચર્ચા કરવામાં આવે તો પુરાવા અને દલીલોનુ પુનારાવર્તન ટાળી શકાય તેમ હોય, તમામ મુદ્દાની ચર્ચા એકસાથે કરવી જરૂરી જણાય છે. જેથી એક સાથે ચર્ચા કરેલ છે.

સદર મુદ્દા અનુસંધાને કાયદાની જોગવાઇ ધ્યાને રાખી વાદી તથા પ્રતિવાદી પરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું પારસ્પરિક મુલ્યાંકન કરતાં એ હકિકત નિર્વિવાદીત છે આ કામનાં વાદી મુખ્યત્વે જે દસ્તાવેજઓ પર આધાર રાખે છે, તે હાલના કામે ટેન્ટેટીવ આંક-૪૨, ટેન્ટેટીવ આંક-૪૩ તથા ટેન્ટેટીવ આંક-૪૪થી રજુ કરેલ છે.ત્યારે વાદીએ આ દસ્તાવેજો જેને ટેન્ટેટીવ આંક આપેલ છે, તે અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવા જોઇએ અથવા દલીલમાં આ દસ્તાવેજે કેવી રીતે પુરવાર થયેલાં છે તે બતાવવું જોઇએ. એ હકિકત નિર્વિવાદિત છે કે આ ટેન્ટેટીવ આંકથી રજુ ત્રણેય દસ્તાવેજો પ્રતિવાદીએ સ્વીકારેલ નથી. આમ, પ્રતિવાદી તરફે આ દસ્તાવેજોને સ્વીકાર કરેલ ના હોય વાદીએ તે પુરવાર કરવાના રહે છે. ત્યારે હાથ પરના દાવામાં શું વાદી આ દસ્તાવેજો પુરવાર કરવામાં સફળ રહેલાં છે કે નહિં તે અનુસંધાને વાદી તરફે આંક-૧૨૫થી લેખિત દલીલો કરેલ છે તેમજ તેઓ દ્વારા તે મુજબની જ મૌખિક દલીલ પણ કરેલ છે. જેમાં આ ત્રણેય દસ્તાવેજો કેવી રીતે તેઓએ પુરવાર કરેલ છે તે અંગે કોઇ રજુઆત કરેલ નથી.

(૯.૧) ત્યારે વાદી તરફે રજુ આ ત્રણેય દસ્તાવજો વંચાણે લેતાં, સૌપ્રથમ ટેન્ટેટીવ આંક-૪૨થી રજુ દસ્તાવેજ અનુસંધાને વાદી મણીલાલ આત્મારામ સોલંકીનાઓની આંક-૨૯થી રજુ સોંગદ પરની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાની સરતપાસના પારા નં-૪માં આ દસ્તાવેજ બાબતે નિવેદન કરેલ છે, "...સદરહુ જમીનમાં આવેલા આંબાના ઝાડો અમો વાદીએ તા.૩૧-૦૩-૧૯૮૭ના રોજ પ્રતિવાદી નં-૨ પાસેથી રુ.૩૫૦/-માં વેચાણ રાખેલા હતાં. આ બાબતે આ કામના પ્રતિવાદી નં-૨નાએ ગામ અને સમાજના પંચના માણસોની રુબરુમાં કાયદેસરનું લખાણ કરી આપેલ છે....સદર ઘરમેળેનું લખાણ ઇસ્ટોલાબાદના રહીશ ચંદુભાઇ સોમાભાઇ ઠાકોરે તેમના હસ્તાક્ષરમાં લખેલું છે અને સદર લખાણમાં સાક્ષી તરીકે સહિઓ પણ કરેલી છે."

(૯.૧.૧.) તેવી જ રીતે ટેન્ટેટીવ આંક-૪૩થી રજુ દસ્તાવેજ બાબતે સરતપાસના પારા નં.૫માં નિવેદન કરેલ છે કે," ... આ કામના પ્રતિવાદી નં-૧ બાઈ મોતી તે લાખા કલાની દીકરીએ મજકુર જમીનો અમો વાદીને એક વીઘાના રુ.૫૭૦૦/-ના ભાવે વેચાણ આપવાનું નક્કી કરીને તા.૩૧-૦૩-૧૯૮ના રોજ રુ.૫૫૦૦/-ની રકમ વેચાણ કિંમતના અવેજ અને બાના પેટે સ્વીકારીને ઈસ્ટોલાબાદ ગામના પાંચ માણસોના પંચ રુબરુ રુ.૧૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી આપેલું. મજકુર લખાણની અસલ નકલ આંક-૨૬ના લિસ્ટથી નિશાની-૬થી રજુ કરેલ છે સદર લખાણનો સ્ટેમ્પ મોતીબેન લાખાજી તે ઉકાજી વાઘાજીના પુત્રએ તા.૨૯-૦૩-૧૯૮૯ના રોજ સ્ટેમ્પ વેન્ડર પાસેથી ખરીદ કરેલો છે અને તે સ્ટેમ્પ ઉપર ઈસ્ટોલાબાદા ના રહીશ ચંદુભાઈ સોમાભાઈ ઠાકોરે તેમના હસ્તાક્ષરમાં લખેલું છે અને સાક્ષી તરીકે સહી કરેલી છે. તેમજ મોતીબેનના બીજા પુત્ર મેલાજી ઉકાજીએ પણ સહીઓ કરેલી છે...."

(૯.૧.૨) તેવી જ રીતે ટેન્ટેટીવ આંક-૪૪થી રજુ દસ્તાવેજ બાબતે સરતપાસના પારા નં.૬માં નિવેદન કરેલ છે કે," આ કમના પ્રતિવાદી નં-૧નાએ ઉપર જણાવ્યા મુજબ સદરહું જમીન વેચાણ આપવાનું નક્કી કરીને બાનાની રુ. ૫૦,૦૦૦/- રકમ સ્વીકાર્યા બાદ મજકુર જમીનની વેચાણ કિંમતના બાકી અવેજની રકમ રુ.૨૦,૦૦૦/- તા.૦૯-૦૫-૧૯૮૮ના રોજ સ્વીકારીને તા.૩૧-૦૬-૧૯૮૮ના રોજ ઈસ્ટોલાબાદના રહીશ ચંદુજી સોમાજીની રુબરુમાં વેચાણ ખત લખી આપેલું...જે લખાણ ચંદુજી સોમાજીના હસ્તાક્ષરમાં લખેલ છે અને સાક્ષી તરીકે સહીઓ કરેલી છે."

(૯.૧.૩) આમ, ઉપરોકત ત્રણેય ટેન્ટેટીવ આંકથી રજુ દસ્તાવેજમાં વાદીએ પોતાની સરતપાસમાં જણાવ્યા મુજબ આ દસ્તાવેજો ચંદુભાઈ સોમાભાઈ ઠાકોરના હસ્તાક્ષરમાં લખાયેલ છે અને સદર લખાણોમાં સાક્ષી તરીકે આ ચંદુજીએ સહિ પણ કરેલી હોવાનું જણવેલ છે. તે સિવાય અન્ય કોઈની સહી હોય અને તેને તેઓએ ઓળખી બતાવેલ નથી. વધુમાં વાદીની

રજુઆત મુજબ આ દસ્તાવેજો જે બે પક્ષકારો વચ્ચે થયેલ છે એટલે કે વાદિ અને પ્રતિવાદી નં.૧ કે જેઓએ આંક–૪૨ અને આંક–૪૩થી રજુ દસ્તાવેજના લખી આપનાર અને લખાવી લેનાર છે, તે પૈકી કોઇની પણ તેમાં સહી કે અંગુઠાનું નિશાન હોય તેવું કોઇ પ્લીડિંગ્સ પણ કરેલ નથી. વધુમાં, વાદીની પ્રતિવાદી નં ૩ અને ૪ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં વાદીએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે આ બન્ને દસ્તાવેજમાં તેમની સહી નથી. તેમજ આંક–૪૪થી રજુ દસ્તાવેજમાં તો પ્રતિવાદી નં–૧ કે જેમણે આ દસ્તાવેજ વાદીને કરી આપેલાનું વાદી જણાવેલ છે તેઓની કોઇ સહિ કે અંગુઠાનું નિશાન તેમાં હોય તેવું પણ નથી. તેમાં ચંદુજી સોમાજીની સહિ છે પરંતુ તેઓ આ દાવાવાળી મિલક્તના માલિક નથી તે હકિકત પણ વાદીની ઉલટતપાસના માધ્યમ થી રેકર્ડ પર આવેલ છે.

ત્યારે મિલકત હસ્તાંતરના કાયદા મુજબ વેચાણ અંગેના કોઇપણ પ્રકારના દસ્તાવેજમાં પછી તે વેચાણખત હોય કે બાનાખત કે કોઇ સાદા પેપર પર કરવામાં આવેલ હોય. પરંતુ તેમાં લખી આપનારની સહી કે અંગુઠાનું નિશાન હોવું ફરજિયાત છે. ખરીદનાર એટલે કે લખાવી લેનારની સહી હોવી ફરજિયાત નથી પરંતુ તેઓની સહી હોવી હિતાવહ છે. તેમજ આવા લખાણમાં આ લખાવી લેનાર અને લખી આપનારની શાખ માટે ને સાક્ષીની સહી હોવી પણ ફરજિયાત છે. ત્યારે વાદી દ્વારા આ આંક–૪૩ તથા આંક–૪૪થી રજુ દસ્તાવેજમાં પ્રતિવાદી નં–૧ની લખી આપનાર તરીકે સહી કે અંગુઠાનું નિશાન હોય તેવું કોઇ પ્લીડિંગ્સ કરેલ નથી. વધુમાં આ કામે પ્રતિવાદી નં–૧/૧ થી૧/૩ના તથા પ્રતિવાદી નં–૨ કે જેઓને હાલના દાવાના નોટિસ સમન્સ બજી જવા છતાં હાજર રહેલ નથી કે તેઓ દ્વારા કોઇ જવાબ આપવામાં આવેલ નથી. વધુમાં આ પ્રતિવાદીનં ૧/૧ થી ૧/૩નાઓએ સને ૨૦૦૯માં પ્રતિવાદી નં–૩ અને ૪નાઓને દાવાવાળી મિલક્તનો રજી. વેચાણ દસ્તાવેજ પણ કરી આપેલ છે, તેમજ હાલ પણ રેવન્યુ રેકર્ડમાં આ પ્રતિવાદી નં ૧/૧ થી ૧/૩ના નામ મોતીબેન કલાજી ના વારસદાર તરીકે ચાલી રહેલાં છે. પરંતુ તેઓ હાલના કામે હાજર રહી કોઇ રજુઆત કરેલ નથી.

વધુમાં, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ આ મહત્વ ગણી શકાય તેવા દસ્તાવેજોનું લખાણ ઈસ્ટોલાબાદના રહેવાસી ચંદુજી સોમાજી ઠાકોરના હસ્તાક્ષરમાં આ લખાણો છે તેમજ તેઓની સાક્ષી તરીકે સહી હોવાની હકિકત સાથે વાદી આવેલાં છે. ત્યારે આ દસ્તાવેજો કરી આપનાર મોતીબેન વાદી દાવો લઈને આવ્યા તે પહેલાં સને-૧૯૯૬માં અવસાન પામેલા છે ત્યારે આ દસ્તાવેજમાં લખી આપનાર તરીકે આ મોતીબેન કાલજીના અંગુઠાના નિશાન હોવાનું પુરવાર કરવા કોઈ ઠોસ પુરાવો આપેલ નથી. તેમજ કોઈ સાહેદ કે વાદી પોતે પણ લખીઆપનાર મોતીબેનના અંગુઠાનું નિશાન ઓળખી બતાવેલ નથી કે કોઈ વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવીની આ અંગુઠાનું નિશાન મોતીબેનનું હોવાનું પણ પુરવાર કરેલ નથી. તેમજ હાલના કામે મહત્વના કહી શકાય તેવા સાહેદ ચંદુજી સોમાજીને પણ વાદીએ હાલના કામે તપાસેલા નથી કે જેનાથી આ લખાણ વાદી પુરવાર કરી શકયા હોત. વધુમાં વાદિ દ્વારા ચંદુજી સોમાજીને સાહેદ તરીકે હાજર રખાવી તપાસી શકે તેમ ના હોય તો તેવા સંજોગોમાં પણ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ આ લખાણ તથા તેમાંની સહી ચંદુજી સોમાજીની હોવાનું વાદી પુરવાર કરી શકે તેમ હોવા છતાં આવા કોઈ સાક્ષી પુરાવા રજુ કરેલ નથી અને ચંદુજી સોમાજી ના હસ્તાક્ષર અને તેમની સહી હોવાનું પણ વાદી પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

આમ, વાદીને સદર આંક-૪૨ થી આંક-૪૪ રજૂ કરેલ દસ્તાવેજો કે જેને કોર્ટ દ્વારા ટેન્ટેટીવ આંક આપેલ અને ત્યારબાદ વાદીને આ દસ્તાવેજો પુરવાર કરવા માટે પુરતી અને અસરકારક તક આપેલ હોવા છતાં તેઓ દ્વારા આ દસ્તાવેજોને ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ પુરવાર કરેલ નથી. ત્યારે આ દસ્તાવેજોને વંચાણે લઈ શકાય નહિં.

વધુમાં આ ત્રણેય દસ્તાવેજો રજીસ્ટર્ડ દસ્તાવેજો નથી. વાદીએ પોતાની દાવાઅરજીમાં કરેલ નિવેદનો મુજબ સદર ત્રણેય દસ્તાવેજો વાળું લખાણ જીવીબેન તથા મોતીબેનનાઓએ કરી આપેલ છે. તેમજ રેવન્યુ રેકર્ડમાં મોતીબેનનું નામ ચાલતું હોય અને તેઓનું અવસાન સને-૧૯૯૬માં થતાં તેઓના વારસદારો તરીકે હાલના પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ના નામો

વારસાઇ હક્કે આંક–૪૫થી રજૂ નોંધ નં. ૪૧૨થી દાખલ થયેલાં. તેમજ વાદી તરફે રજુ રેવન્યુ રેકર્ડ મુજબ પણ આ દાવાવાળી મિલક્તમાં પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ના નામ ચાલતાં હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પર છે, તેમજ પ્રતિવાદી દ્વારા પણ આ જ હકિકત જણાવેલ છે. આમ, વાદી પોતે જે દસ્તાવેજના આધારે દાવાવાળી મિલકતના માલિક બનેલ હોવાની હકિકત લઇને આવેલા છે તે દસ્તાવેજોની રજીસ્ટ્રેશન એકટની જોગવાઇ મુજબ નોંધણી થયેલ નથી. ત્યારે આ વેચાણ રુ ૧૦૦થી વધુ રકમની સ્થાવર મિલક્ત અંગેનું છે એ હકિકત નિર્વિવાદિત છે.ત્યારે રજિસ્ટ્રેશન એકટની કલમ–૧૭ ધ્યાને લેતાં આ દસ્તાવેજ ફરજિયાત નોંધણીપાત્ર છે. તેમજ પુરતો સ્ટેમ્પ પર ભરેલ નથી. ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઇ મુજબ આ દસ્તાવેજો પુરાવામાં એડમિશેબલ નથી.

ત્યારે વાદી તથા પ્રતિવાદી તરફે રજૂ રેકર્ડ ઉપરનો અન્ય પુરાવો ધ્યાને લેતાં, આંક : ૩૮ થી બ્લોક નંબર : ૫૬, સર્વે નંબર : ૫૭/૨ ના ગામ નમૂના નંબર : ૭ અને ૧૨ નો ઉતારો રજૂ કરેલ છે. જે વંચાણે લેતા, તેમા કબજેદાર તરીકે હીરા બીજલ મોતી તે લાખા કલાની દીકરીના વાલી જીવી તરીકે દર્શાવેલ છે. તેમજ ખેડૂતના નામમાં પણ આ જ રીતે નામનો ઉલ્લેખ કરેલ છે. તેવી જ રીતે માર્ક : ૩૯ થી રજૂ બ્લોક નંબર : ૫૭, સર્વે નંબર : ૫૪/અ/૧ + ૫૪/અ/૨ + ૫૭/૧/અ+ ૫૭/૧/બ ના ગામ નમૂના નબંર : ૭ અને ૧૨ ના ઉતારામાં બાઇ જીવી તે લાખા કલાજીની દીકરી તથા બાઇ મોતી તે લાખા કલાની દીકરીના વાલી તરીકે તેમજ મેલાજી ઉકાજી, રાવજીભાઇ ઉકાજી તથા સંતોકબેન ઉકાજીને કબજેદાર તરીકે નામ નોંધેલ છે તથા ગણોતીયા, પેટા ગણોતીયા તરીકે મણાજી આતાજીનો ઉલ્લેખ કરેલ છે. તેમજ આંક : ૪૦ થી સર્વે નંબર : ૫૭/૨ ના ગામ નમૂના નંબર : ૭ અને ૧૨ નો ઉતારામાં કબજેદાર તરીકે હીરા બીજલ મોતી તે લાખા કલાની દીકરીના વાલી તરીકે દર્શાવેલ છે. તેમજ અ◌ાંક : ૪૧ થી બ્લોક નંબર : ૫૭ ના ગામ નમૂના નંબર : ૭ અને ૧૨ ના ઉતારામાં કબજેદાર તરીકે પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ ના નામ દાખલ થયેલ છે. તે ઉપરાંત આંક : ૪૫ થી ગામ નમૂના નંબર : ૬ ના હકક પત્રકની નોંધ નંબર : ૪૧૨ કે જે તારીખ :

૧૮/૧૧/૧૯૯૬ ના રોજ થયેલ છે. તે રજૂ કરેલ છે. જે વારસાઇ હકકથી નોંધ કરવામાં આવેલ છે. તે ધ્યાને લેતા, બ્લોક નંબર : ૫૭ માં મોતીબેન લાખાજી કલાજીની દીકરીનુ નામ રેવન્યુ રેકર્ડે ચાલે છે અને તેઓના લગ્ન રોપડા ગામે ઉકાજી માધાજી ઠાકોર સાથે થયેલા અને તેઓ ૧૨-વર્ષ પહેલા ગુજરી ગયેલા છે અને આ મોતીબેન ૨-વર્ષ અગાઉ ગુજરી ગયેલ છે. તેથી તેઓના વારસદારોની અરજીના આધારે બ્લોક નંબર : ૫૭ વાળી જમીનમાં તેઓના વારસદારો તરીકે મેલાજી ઉકાજી, રાવજી ઉકાજી, તથા સંતોકબેન ઉકાજીના નામોની વારસાઇ નોંધ કરવામાં આવેલ છે અને તે મુજબ આંક : ૩૯ અને આંક : ૪૧ થી રજૂ રેવન્યુ રેકર્ડમાં તેઓના નામ ચઢેલા છે. તે ઉપરાંત વાદી તરફે આંક : ૪૬ થી ૫૪ સુધી વેરા ભર્યાની પહોંચો રજૂ કરેલ છે,અને આ આંક-૪૬ થી આંક-૫૪ સુધી રજુ કરેલ પહોંચો જે અસલ તેઓએ રજુ કરેલ છે અને તેઓ એ આ વેરા ભરેલ હોવાની રજુઆત છે. જે પૈકી આંક : ૪૬ થી આંક-૫૪ સુધીની પહોંચો પ્રતિવાદી નંબર : ૧ અને ૨ ના નામની હોવાનુ જણાય છે. જે તમામ પહોંચો ખાતા નંબર : ૧૫ ની જમીનનુ હોવાનુ જણાય છે. જે ખાતા નં.૧૫ એ આંક-૪૧થી રજુ ગામ નમુના નં ૭ અને ૧૨ના ઉતારા મુજબ બ્લોક/સર્વે નં.૫૭ કે જે સ. નં.૫૪અ/૧+૫૪અ/૨+૫૭/૧અ+૫૭/૧ બની કુલ ક્ષેત્રફળ હે-આરે-ચો-મી ૧-૫૧-૭૬ની જમીનનો છે. આમ, ખાતા નં.૧૫ એ દાવાવાળી મિલક્ત બ્લોક/સર્વે નં.૫૭ને લગતું છે. જે તમામ ખાતા નં.૧૫ના વેરા પહોંચો સને. ૧૯૯૧,૧૯૯૩, ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૭, ૨૦૦૦, ૨૦૦૪, ૨૦૦૯, ની હોવાનુ જણાય છે. આમ, સદર વેરાની પહોંચથી એવુ જણાઇ આવે છે કે, સને. ૧૯૯૧ થી સને. ૨૦૦૯ સુધી દાવાવાળી મિલ્કતના આવકવેરા પ્રતિવાદીઓ ધ્વારા ભરવામાં આવેલ છે. પરંતુ આ અસલ વાદી દ્વારા રજુ કરેલ છે ત્યારે તેવું અનુમાન થઇ શકે કે આ વેરા વાદીએ ભરેલા છે. આ વેરા વાદીએ ભરેલા નથી તેનું ખંડન મોતીબેન કે પ્રતિવાદી નં ૧/૧ થી ૧/૩નાઓ કરી શકે પરંતુ તેઓ હાલના કામે દાવાના સમન્સ નોટિસ બજી જવા છતાં હાજર થઇ વાદીની આ હકિકતનું ખંડન કરેલ નથી.

વધુમાં આંક : ૭૭ અને આંક : ૭૮ થી બ્લોક નંબર : ૫૭ ની જમીન અંગેનો ગામ નમૂના નંબર : ૭ અને ૧૨ રજૂ કરેલ છે. જેમાં આંક : ૭૭ થી રજૂ ગામ નમૂના નંબર : ૭ કે જે બ્લોક/સર્વે નંબર : ૫૭ ની જમીનને લગતો છે. જેમાં કબજેદાર તરીકે પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ નાઓના નામની નોંધ થયેલ છે. જે તારીખ : ૦૪/૦૧/૨૦૧૯ ના રોજની છે. તેમજ આંક : ૭૮ થી ગામ નમુના નંબર : ૧૨ માં પણ સર્વે નંબર : ૫૭ ના ખાતેદારો પૈકી પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ નાઓની નોંધ છે. સદર ગામ નમૂનામાં પ્રમોલગેશન નોંધ નંબર : ૫૯૭, તારીખ : ૨૧/૦૫/૨૦૧૪ ના રોજની હોવાની પણ નોંધ કરેલ છે. તેમજ આંક : ૭૯ થી ખાતા નંબર : ૧૧૫ બ્લોક/સર્વે નંબર : ૩૪ નો ગામ નમૂના નંબર : ૮/અ રજૂ કરેલ છે. જેમાં કબજેદાર તરીકે પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ નાઓ છે. તેમજ આંક : ૮૦ થી પ્રમોલગેશન નોંધ નંબર : ૫૯૭ રજૂ કરેલ છે. જે જીલ્લો : અમદાવાદ, તા. દસ્ક્રોઈ, ગામ : ઈસ્ટોલાબાદની સર્વે નંબર : ૧ થી ૯૦૦૭ ની પ્રમોગેશન નોંધ છે. જેમાં પ્રમોલગેશન કરી તે મુજબ જૂના-નવા સર્વે નંબરનું લિસ્ટ તેની સાથે સામેલ હોવાનું આ નોંધમાં ઉલ્લેખ કરેલ છે, જે લિસ્ટ આ કામે રજુ કરવામાં આવેલ નથી. પરંતુ, વાદીએ આંક-૭૭થી અને પ્રતિવાદી દ્વારા આંક-૧૧૧થી રજુ પ્રમોલગેશનની નોંધ બાદનો ગામ નમુના નં ૭ રજુ કરેલ છે, જે ધ્યાને લેતાં બ્લોક/સર્વે નં ૫૭ જેનો નવો સર્વે નં.૩૪ અને ખાતા નં-૧૧૫ પડેલ છે,જેનું કુલ ક્ષેત્રફળ હે-આરે-ચો-મી ૧-૫૪-૮૪, આકાર ૧૧.૯૫ની જેમાં પણ કબ્જેદાર તરીકે પ્રતિવાદી નં-૧/૧ થી ૧/૩નાઓના નામ દર્શાવેલા છે. આમ, બ્લોક/સર્વે નં.૫૭ કે જેનો જુનો ખાતા નં.૧૫ હતો અને પ્રમોલગેશન બાદ તેનો બ્લોક નં.૩૪ તથા ખાતા નં.૧૧૫ થયેલ છે, જે જુના તેમજ પ્રમોલગેશન બાદના બદલાયેલ નવા રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં-૧/૧ થી ૧/૩ના નામ ચાલતાં આવેલા છે.

તેમજ, પ્રતિવાદી તરફે આંક-૧૧૪થી રજૂ ગામ નમૂના નં ૭ રજુ કરેલ છે, તે ધ્યાને લેતાં જુના બ્લોક/સર્વે નં-૫૬ દાવાવાળી મિલક્ત અંગેનું પ્રમોલગેશન બાદનો રેકર્ડ છે, જેનો નવો ખાતા નં-૩૫ આપેલ છે, જેમાં કબ્જેદાર તરીકે મણીલાલ આતાજી, શાંતાબેન આતાજી, સવિતાબેન

આતાજી...એમ કુલ ૯ ઈસમોની નોંધ નં.૫૧૯થી નામ દાખલ થયેલા છે, જેમાં વાદીનું નામ પણ દાખલ થયેલ છે . તે ઉપરાંત નોંધ નંબર ૬૮૯થી બાવસીંગના ૪ વારસદારોના નામ દાખલ થયેલા છે. તેમજ નોંધ નં.૭૧૦થી જશીબેન તે નાગજીભાઈ આતાજીની વિધવાનું નામ દાખલ થયેલ છે. વધુમાં મોતી તે લાખા કલાની દિકરીના વાલી જીવી તે નામનો પણ ઉલ્લેખ કરેલ છે. આમ, આ નોંધથી તેવું જણાય છે કે દાવાવાળી મિલક્ત પૈકી સર્વે નંબર ૫૬માં વાદીનું નામ તથા તેઓના બીજા ભાઈ–બહેનોના નામ એટલે કે વાદીના પિતા આતાજીના વારસદારોના નામ નોંધ નં.૫૧૯થી દાખલ થયેલ હોવાનું જણાય છે. પરંતુ. આ નોંધ નંબર ૫૧૯ રજુ કરેલ નથી. આમ, આ આંક–૧૧૪થી રજુ દસ્તાવેજથી વાદી સર્વે નંબર ૫૬ની મિલક્તમાં વેચાણથી ખરીદી અને તે આધારે નોંધ પડેલ હોય તેમ જણાતું નથી.

હવે, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ, વાદી તરફે આંક–૫૫ થી આંક–૫૮ સુધી રજુ પંચાયતના વેરાની પહોંચો રજુ કરેલ છે, જે વાદીના નામની છે. જે અનુક્રમે સને–૧૯૯૪,૨૦૦૬,૨૦૦૮ તથા સને–૨૦૦૯ની છે.તેમજ આંક–૫૯ તથા આંક–૬૦થી વાદીએ પોતાના નામના અનુક્રમે જુલાઈ–ઓગષ્ટ–૨૦૦૯ તથા જુલાઈ–ઓગષ્ટ–૨૦૧૮ના રોજના તેઓના નામના લાઈટબિલ રજુ કરેલા છે, જે લાઈટ બિલ ઈસ્ટોલાબાદના છે. વધુમાં એ હકિકત પણ પુરાવાના માધ્યમથી રેકર્ડ પર એ હકિકત પણ આવેલ છે,પ્રતિવાદી નં ૧/૧ થી ૧/૩નાઓ દાવાવાળી જગ્યાનો કબ્જો ધરાવતાં નથી કે ત્યાં રહેતાં નથી કે તેઓ દ્વારા હાલમાં દાવામાં હાજર થઈ વાદીની આ હકિકતઓને પડકારેલ નથી. તેઓ દાવા અરજીમાં તેઓના જણાવેલ સરનામે રહે છે. તેઓને પણ દાવાઅરજીમાં જણાવેલ સરનામે કોર્ટના સમન્સ નોટિસ બજેલ છે. તેમજ વાદી તરફે આંક–૬૪થી મામલતદારશ્રી, દશક્રોઈ અમદાવાદનાઓ વાદીને આર.ટી.એસ/તકરારી/કેસ નં ૨૭/૨૦૧૦ના તેઓ દ્વારા કરવામાં આવેલ હુકમની જાણ કરતો પત્ર લખેલ છે. જેમાં પણ વાદીનું સરનામું ઠાકોરવાસ, ઈસ્ટોલાબાદનું દર્શાવેલ છે અને પ્રતિવાદી નં ૩ નું સરનામું પાણસોલી, ખેડાનું દર્શાવેલ છે, જે વાદીને આ સરનામે મળી ગયેલ છે અને હાલના દાવામાં રજુ કરેલ લાઈટબિલથી પણ વાદી ઈસ્ટોલાબાદ, ઠાકોરવાસનું દર્શાવેલ છે. ત્યારે વાદી દાવાવાળી મિલક્તમાં કબજો સને–૧૯૯૧ થી આજ દિન સુધી ધરાવતાં હોય તેવું સ્પષ્ટ જણાય છે. જેથી પ્રતિવાદી નં. ૩ અને ૪નાઓ પાસે દાવાવાળી મિલક્તનો કબજો હોવાનું પણ માની શકાય નહિં.

(૧૦) હાલના કામે વાદી દ્વારા આંક–૮૭થી સાહેદ ઠાકોર બાબુજી ગરબડજીનાઓનો મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેઓ પણ ઠાકોરવાસ, ઈસ્ટોલાબાદના રહેવાસી છે. તેમજ આંક–૮૮થી સાહેદ ઠાકોર નવઘણભાઈ ભાવાભાઈનાઓનો મૌખિક પુરાવો રજુ કરેલ છે તે સાહેદ પણ ઠાકોરવાસ, ઈસ્ટોલાબાદના રહેવાસી છે. તેમજ આંક–૮૯થી સાહેદ ઠાકોર વિષ્ણુભાઈ રમણભાઈનાઓનો મૌખિક પુરાવો રજુ કરેલ છે તે સાહેદ પણ ઠાકોરવાસ, ઈસ્ટોલાબાદના રહેવાસી છે.જેમાંથી સાહેદ બાબુજી ગરબડજી નાઓની ઉલટતપાસના માધ્યમથી વાદીનું ઘર દાવાવાળા ઘરને અડીને આવેલ હોવાનું જણાવેલ છે. તેમજ વાદીના ઘરને અડીને વિષ્ણુભાઈ રમણભાઈનું ઘર આવેલ છે. તેઓને દાવાવાળી મિલક્તના સર્વે નંબર વાદીએ જણાવેલા હોવાથી જાણતાં હોવાનું સ્વીકારેલ છે. પરંતુ દાવાવાળી મિલકતનો કબજો વાદીનો હોવાનું અને તેઓ જ આ જગ્યામાં ખેતી કરતાં હોવાની હકિકતને વળગી રહેલાં છે.

તેવી જ રીતે સાહેદ નવધણભાઈનાઓએ દાવાવાળી મિલકત અગાઉ મોતીબેનની હોવાનું સ્વીકારેલ છે.તેઓને મોતિબેને કોઈની સાથે કોઈ કરાર કરેલ હોય તેની તેમને ખબર ન હોવાનું જણાવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે વાદીનું ઘર તેના ઘરથી ૧૫૦ ફૂટ દુર આવેલ છે તેમજ વાદીના ઘરની ચારેય બાજુ ઠકોરવાસના બીજા મકાન આવેલા છે, અને વાદી આ મકાનમાં તેના કુંટુંબ સાથે રહે છે.તેમજ દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં ૩ અને જનો કબ્જો ના હોવાની હકિકતને વળગી રહેલાં છે.

તેવી જ રીતે સાહેદ વિષ્ણુભાઈ રમણભાઈ કે જેઓનું મકાન વાદીના મકાનને અડીને આવેલ હોવાની હકિકત સાહેદ બાબુજીની ઉલટતપાસના માધ્યમથી રેકર્ડ પર આવેલ છે, તેઓની ઉલટતપાસ ધ્યાને લેતાં દાવાવાળી જમીનના મુળ માલિક વાદી હતાં અને હાલ પણ હોવાનું જણાવ્યા બાદ મુળ માલિક મેલાભાઈ ઉકાભાઈ હોવાનું જણાવેલ છે. તેમજ વાદીના ઘરની ચારેય તરફ ઠાકોરના મકાન હોવાનું પણ જણાવેલ છે. તેમજ દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં ૩ અને જનો કબ્જો ના હોવાની હકિકતને વળગી રહેલાં છે.

આમ, સદર ત્રણેય સાહેદ વાદી જ્યાં રહે છે ત્યાં જ ઈસ્ટોલાબાદ ઠાકોરવાસમાં વાદી નજીક રહે છે, તેમજ તેઓની ઉલટતપાસના માધ્યમથી દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીનો કબજો ના હોવાનું અને વાદીનો કબજો હોવાનું રેકર્ડ પર આવેલ છે. તેમજ વાદીની ઉલટતપાસના માધ્યમથી ઈસ્ટોલાબાદમાં એક જ ઠાકોરવાસ આવેલ હોવાનું પણ રેકર્ડ પર આવેલ છે. ત્યારે એ હકિકત વાદી પુરવાર કરવામાં સફળ થયેલ છે કે દાવાવાળી મિલક્તનો કબજો તેઓ પાસે છે.

ત્યારે વાદી હાલનો કેસ એવી હકીકત સાથે લઈને આવેલા છે કે, મોતીબેન તે કલાભાઈની દીકરીનાઓએ તેઓને સને. ૧૯૮૮ ના લખાણથી અમોને વેચાણ આપેલ છે ત્યારથી દાવાવાળી મિલ્કતનો કબજો અમારી પાસે છે. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદીએ તે સને. ૧૯૮૮ વાળા બન્ને લખાણો ટે. આંક :૪૩ અને ૪૪ થી રજૂ કરેલા છે તે પુરવાર કરવામાં વાદી સફળ રહેલા નથી. પરંતુ વાદીએ સદર ટે.આંક : ૪૩ થી રજૂ દસ્તાવેજમાં મોતીબેનના વારસદારો પૈકી રવાજી ઉકાજીનાઓએ સ્ટમ્પ ખરીદ કરેલ હોવાનુ અને તેમાં મેલાજી ઉકાજીનાઓની સહી હોવાનુ જણાવેલ છે. ત્યારે તે અનુસંધાને સદર દસ્તાવેજ ધ્યાને લેતા, તેમાં મેલાજી ઉકાજીનાઓને એટલે કે, પ્રતિવાદી નંબર : ૧/૧ ની સહી છે. તથા સદર રૂા. ૧૦/– નો સ્ટેમ્પ ખરીદનાર તરીકે રવાજી ઉકાજી એટલે કે, પ્રતિવાદી નંબર : ૧/૨ નાઓ છે. તેમજ વાદીએ દાવા અરજીની હકીકત મુજબ મોતીબેનના વારસદાર પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ નાઓએ દાવાવાળી મિલ્કત સને. ૨૦૦૯ માં પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જે રજી. વેચાણ દસ્તાવેજ હાલના કામે પ્રતિવાદીએ આંક : ૧૧૦ થી રજૂ કરેલ છે. જે ધ્યાને લેતા, પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ નાઓએ દાવાવાળી મિલ્કત પૈકીની બ્લોક નંબર : ૫૭, ખાતા નંબર : ૧૫ ની હે.આરે.ચો.મી. ૦૧–૫૧–૭૬ તથા પો.ખ.અની ૦–૦૩–૦૪ એમ કુલ મળી હે.આરે.ચો.મી. ૦૧–૫૪–૮૦ વાળી જમીન તેઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની હોય અને સરકારી અર્ધસરકારી રેકર્ડ તેઓના નામે ચાલતા હોય, તથા જમીનના રેકર્ડમાં ગણોતીયાની બીજા હકકમાં નોંધ થયેલ હોય, તે ગણોતીયા

મહે. મામલતદાર અને ખેતીની જમીનના ન્યાયાધીકરણ દસ્ક્રોઈ સાહેબના હુકમથી ગણોતીયાની નોંધ કમી કરવામાં આવે છે. તે અંગેની નોંધ ગામ નમૂના નંબર : ૬ ના હકકપ્રત્રકમાં નોંધ નંબર : ૨૯૨ થી તારીખ : ૦૩/૦૧/૧૯૭૭ ના રોજ પાડવામાં આવેલ હોવાનુ જણાવેલ છે અને તેઓના સદર મિલ્કતમાં બાઈ મોતીબેનનાઓનુ નામ કમી કરતી નોંધ નંબર : ૩૫૪ તારીખ : ૦૯/૦૨/૧૯૯૧ ના રોજ કરવામાં આવેલ અને તેઓની વારસદાર તરીકે હકકપત્રકમાં નોંધ નંબર : ૪૧૨ થી તારીખ : ૧૮/૧૧/૧૯૯૬ ના રોજ પડેલ. જે મિલ્કત રૂા. ૧૦,૦૦,૦૦૦/- ના અવેજ સ્વીકારી, પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓને વેચાણ આપી, તેઓને માલીક તરીકે ખાલી અને પ્રત્યક્ષ કબજો સોંપી આપેલ છે. આમ, દસ્તાવેજમાં સર્વે નંબર : ૫૭ વાળી જમીનનો શાંત,પ્રત્યક્ષ કબજો પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓને સોંપી આપેલ હોવાનુ જણાવેલ છે. તેમજ પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓએ હાલના કામે હાજર થઈ, રજૂ કરેલ પોતાના જવાબ તથા સરતપાસમાં પણ દાવાવાળી મિલ્કતમાં પોતાનો કબજો હોવાનુ જણાવેલ છે અને આ જ હકીકતને ઉલટ-તપાસમાં વળગી રહેલ છે. પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ દાવાવાળી મિલ્કતમાં વાદીનો કબજો હોવાનુ રેકર્ડ ઉપરના પુરાવાથી પ્રસ્થાપિત થાય છે.

પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ સદર કબજો વાદી પાસે કેવી રીતે આવ્યો ? તે પુરવાર કરવામાં વાદી સફળ રહેલા નથી કે, પોતે સને. ૧૯૮૮ ના લખાણથી માલીક બનેલા હોય તેવુ પણ પુરવાર કરવામાં સફળ રહેલા નથી.

વધુમાં વાદી પોતે જે હકીકત લઈને આવેલા છે તે મુજબ સને. ૧૯૮૮ ના લખાણથી પોતે દાવાવાળી મિલ્કતના માલીક કબજેદાર બનેલા છે તેના વિશિષ્ટ પાલનની પણ દાદ માંગેલ છે. ત્યારે એટલી હકીકત સ્પષ્ટ છે કે, વાદી ધ્વારા સને. ૧૯૮૮ માં થયેલ જે લખાણ બાબતે જણાવી રહેલા છે તે લખાણ તેઓ અને મોતીબેન વચ્ચે થયેલ હોવાનુ જણાવેલ છે અને ઉલટ-તપાસના માધ્યમથી આ લખાણમાં પોતાની સહી ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને એ હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, સને. ૧૯૮૮

ના આ લખાણ મુજબ તેઓએ મૂળ વાદી સને. ૧૯૯૬ માં ગુજરી ગયા ત્યાં સુધી કયારેય રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેવા અંગે કોઈ લેખીત નોટીસ આપેલ નથી કે, તેઓના ગુજરી ગયા બાદ તેઓના વારસદારોના નામ રેવન્યુ રેકર્ડે દાવાવાળી મિલ્કતમાં ચઢેલા તે હકીકતથી વાદી વાકેફ હતા તેમ છતાં સને. ૧૯૯૬ બાદ પણ તેઓએ હાલનો દાવો દાખલ કર્યો તે પહેલા પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ નાઓને દાવાવાળી મિલ્કતનુ રજી. વેચાણ દસ્તાવેજ કરી આપવા અંગે કોઈ નોટીસ આપેલ નથી. આમ, વાદી પોતે એ હકીકતથી વાકેફ હોવાનુ રેકર્ડ ઉપરથી જણાય છે કે, તેઓ ધ્વારા સને. ૧૯૮૮ ના લખાણથી તેઓ દાવાવાળી મિલ્કતના માલીક અને કબજેદાર બનેલા છે અને તેના વિશિષ્ટ પાલન સારૂ તેઓ સને. ૨૦૧૦ માં એટલે કે, આશરે ૨૨–વર્ષ પછી હાલનો દાવો કરારના વિશિષ્ટ પાલન સારૂ લઈને આવેલા છે. ત્યારે સમય–મર્યાદા અધિનિયમ મુજબ વાદીએ આવો દાવો દાવાનુ કારણ ઉભુ થયેથી ૩–વર્ષમાં કરવો જોઈએ. જે આશરે ૨૨–વર્ષ બાદ કરેલ છે. તેમજ વાદીના દાવાને સ્પષ્ટપણે સમય–મર્યાદાનો બાધ નડે છે.

વાદી ધ્વારા પ્રતિવાદી નંબર : ૧/૧ થી ૧/૩ નાઓને પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓને આંક : ૧૧૦ થી રજૂ રજી. વેચાણ દસ્તાવેજ સને. ૨૦૦૯ માં કરી આપ્યા બાદ, સને. ૨૦૧૦ માં હાલનો દાવો કરેલ છે અને તેઓનો દસ્તાવેજ પણ રદ કરવા દાદ માંગેલ છે. પરંતુ મુખ્ય દાદ પોતે જે સને–૧૯૮૮ના લખાણથી માલિક કબજેદાર બનેલાની હકિકત સાથે આવેલા છે દસ્તાવેજના સ્પેશીફીક પરફોમન્સની છે. પ્રતિવાદી નંબર : ૩ અને ૪ ને કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ રદ કરવાની દાદ એ મુખ્ય દાદની આનુસંગીક દાદ છે. ત્યારે વાદીના દાવાને સ્પષ્ટપણે સમય–મર્યાદાનો બાધ નડે છે. જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

(૧૧) વધુમાં ઉપરોકત કરેલ ચર્ચા મુજબ એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે, દાવાવાળી મિલ્કતમાં ધણા લાંબા સમયથી વાદીનો કબજો છે. ત્યારે પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓને દાવાવાળી મિલ્કત ખરીદ કરી તે પહેલા તેઓએ યોગ્ય અને જરૂરી તપાસ કરવી જોઇતી હતી તે

કરેલ છે કે કેમ ? તે અનુસંધાને રેકર્ડ ધ્યાને લેતા, એ હકીકત સ્પષ્ટ છે કે, પ્રતિવાદી નંબર : ૩ અને ૪ નાઓએ સદર આંક : ૧૧૦ થી રજૂ દસ્તાવેજ થતા, તેઓને દાવાવાળી મિલ્કતનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો સોંપી આપેલ હોવાનુ જણાવેલ છે પરંતુ, રેકર્ડ ઉપર સ્પષ્ટપણે એ હકીકત આવેલ છે કે, આંક : ૧૧૦ થી રજૂ દસ્તાવેજ થયેલ ત્યારે દાવાવાળી મિલ્કતમાં વાદીનો કબજો છે. ત્યારે પ્રતિવાદી એ દાવાવાળી મિલ્કતનો કબજો તેઓને મળેલ હોવાની હકીકત સાચી જણાવેલ નથી. તેમજ તેઓ એ આ મિલ્કત ખરીદતાં પહેલાં એક સામાન્ય બુધ્ધી ધરાવનાર વ્યકિત દ્વારા લેવી જોઇતી દરકાર લઇ દાવાવાળી મિલ્કત ખરીદતાં પહેલાં કોઇ જાહેર નોટિસ આપેલ નથી અને માત્ર રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૨ના વારસાઇ હક્કે દાખલ થયેલ નામ હોવાથી ખરીદ કરેલ હોવાની હકિકત માની શકાય તેમ નથી આમ, પ્રતિવાદી નંબર : ૩ અને ૪ એ દાવાવાળી મિલ્કતના શુધ્ધ બુધ્ધીના ખરીદનાર હોવાનું કે દાવાવાળી મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો દસ્તાવેજથી સને-૨૦૦૯થી મેળવેલ હોવાની હકિકત પુરવાર કરવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેલ છે.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી દાવાવાળી મિલક્તના સને-૧૯૮૭-૮૮થી કબ્જેદાર બનેલ હોવાનું પુરવાર થાય છે,પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ વાદી જે દસ્તાવેજો આધારે માલિક-કબ્જેદાર બનેલાનું જણાવે છે તે દસ્તાવેજોને કોર્ટ દ્વારા ટેન્ટેટીવ આંક આપી વાદીને તે પુરવાર કરવાની પુરતી તક આપેલ હોવા છતાં પુરવાર કરવામાં સફળ થયેલ નથી, કે જેથી વાદીનો કબજો હોય તેને મિલ્ક્ત હસ્તાંતરના કાયદાની કલમ-૫૩(એ) ની જોગવાઇનો પણ લાભ મળ તેમ નથી. આમ, કેવી રીતે કબજેદાર બનેલા છે તે પુરવાર કરવામાં સફળ રહેલ નથી. વધુમાં વાદી દ્વારા તેઓ દ્વારા રજુ આંક-૪૨ થી આંક-૪૪ સુધી રજુ દસ્તાવેજો ૩૦ વર્ષ જુના હોય ભારતિય પુરાવા અધિનિયમ મુજબ તે સાચા છે તેવું અનુમાન થવાની રજુઆત પણ દલીલમાં કરેલ છે, પરંતુ વાદી હાલનો દાવઓ સને-૨૦૧૦માં લઇને આવેલા છે ત્યારે સને-૧૯૮૮થી ૨૨ વર્ષ થાય છે ત્યારે તેઓની આ દલીલ પણ ટકવાપાત્ર નથી. આમ તેઓ દાવાવાળી મિલકતના માલિક અને અધિકૃત

કબજેદાર હોવાનું વાદી પુરવાર કરવામાં સફળ થયેલ નથી, તેમજ વાદીના દાવામે સ્પષ્ટપણે સમયમર્યાદા અધિનિયમનો બાધ નડે છે. તેમજ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ પ્રતિવાદી પણ દાવાની મિલકતના શુધ્ધબુધ્ધીના ખરીદનાર હોવાનું પણ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.ત્યારે વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર નથી. જેથી મુદ્દા નં. ૧ થી ૬નો જવાબ "નકાર" આપી, મુદ્દા નં.૭ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

-::હુ ક મ::-

(૧) વાદીનો દાવો સમય-મર્યાદામાં દાખલ કરેલ ના હોય, વાદીની હાલની દાવા અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

(૨) આ દાવામાં પક્ષકારોએ પોતાને થયેલ ખર્ચ પોતે ભોગવવા હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તારીખ : ૧૮ મી, માહે- એપ્રિલ , સને. ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તા. ૧૮/૦૪/૨૦૨૬.

(એમ.એસ.સુતરીયા)
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ,
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા,
(જજ કોડ-જી.જે.૦૦૮૪૬)

એન.એ.પટેલ
સ્ટેનો.